
સંતવાણી ગ્રંથાવલિ ૧૫

# મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય



# મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય

# (Mahaprabhu Shrivallabhacharya)


સંકલન

પ્રદ્યુમ્ન બ. શાસ્ત્રી, સાહિત્ય અને વેદાંતાચાર્ય

(વડોદરા)



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે,
આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'ની ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય

# મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય

## શ્રી વલ્લભના પૂર્વે રાજકીય - સામાજિક સ્થિતિ

કર્મભૂમિ ભારતવર્ષ સંસ્કારથી, સંસ્કૃતિથી, સંસ્કૃતથી, શાસ્ત્રથી, સિદ્ધાંતથી, સેવાથી, સ્નેહથી, પ્રભુના અને મહાપુરુષોના અવતારથી, પુણ્યસલિલા યમુના-ગંગા વગેરે સરિતાઓના પ્રવાહથી સંસારમાં સર્વોત્તમ છે. ભારત ઉપર વિદેશીઓનાં આક્રમણો સૈકાઓ પૂર્વેથી થતાં આવ્યાં છે. તેમાં સંવત ૧૫૩૫ના સમય દરમિયાન ઈબ્રાહીમ લોદીનું શાસન ઉત્તર ભારતના પ્રદેશો ઉપર પ્રવર્તી રહ્યું હતું. સમાજ પણ યવન ધર્મીઓના શાસન અને આક્રમણથી ભયાકુળ, વ્યાકુળ મનોદશા અનુભવી રહ્યો હતો. શાંતિ અને સ્થિરતાનું તત્ત્વ સમાજમાંથી અદશ્ય થઈ રહ્યું હતું. યવનોનું આક્રમણ આવી રહ્યું છે તેવી બૂમ સંભળાતાં, આર્યપ્રજા પ્રાણ, સંતાન, સંપત્તિ અને સ્વધર્મના રક્ષણ કાજે સાથે લઈ શકાય તેટલું સાથે લઈ એક સ્થાનેથી બીજા સ્થાને નિરાશ્રિત સ્થિતિમાં જીવન પસાર કરી રહી હતી.

## જ્ઞાતિ-પરિચય

દક્ષિણ ભારતમાં કૃષ્ણા નદીના દક્ષિણ ભાગનું નામ તેલંગ પ્રદેશ છે. તેમાં કાંકરવાડ નામના ગામમાં શ્રૌતકર્મોનુષ્ઠાનપારાયણ વિદ્વાન બ્રાહ્મણોની જાતિ રહેતી હતી, જ્યાં સવારસાંજ વેદમંત્રોનો ધ્વનિ - યજ્ઞના ધૂમ્રથી વાતાવરણ સદા પવિત્ર અને સુગંધિત રહેતું હતું. આ બ્રાહ્મણોના વેલ્લનાડુ સમુદાયમાં એક પરિવાર પ્રસિદ્ધ હતો. આ પરિવાર વૈષ્ણવ-

ધર્મનો અનુયાયી અને યજુર્વેદની તૈત્તિરીયશાખાધ્યાયી - ભારદ્વાજ ગોત્રનો - જેમની કુળદેવી રેણુકા અને રસઘન ભગવાન શ્રીકૃષ્ણ જ આરાધ્ય ઈષ્ટદેવ હતા. આવી પવિત્ર દેવતુલ્ય પરંપરામાં શ્રીવલ્લભાચાર્યજીના પિતાજી લક્ષ્મણ ભટ્ટજીનો જન્મ થયો હતો. લક્ષ્મણ ભટ્ટજી મેધાવી બાળક હતા અને વેદ, પુરાણ, શાસ્ત્રોમાં પારંગત હતા. યુવાવસ્થામાં આવતાં તો તેમની ગણના પ્રસિદ્ધ વિદ્વાનોમાં થવા લાગી. વિદ્યાનગરનિવાસી સુશર્મા નામના વિદ્વાનની ઈલ્લમ્મા નામની કન્યા સાથે લક્ષ્મણ ભટ્ટજીનાં લગ્ન ધામધૂમથી થયાં અને યાત્રાના નિમિત્તે તેઓ કાશી આવેલા, તે સમયે લક્ષ્મણ ભટ્ટજીની સાત પેઢીમાં થઈને સો સોમયાગનું આયોજન પૂરું થયું હતું.

## વિધર્મીઓનું આક્રમણ – શ્રીવલ્લભનું અવતરણ

કાશીમાં તે સમયે દશનામી સાધુઓનું વર્ચસ્વ વિશેષ હતું. એ સાધુઓ યવનો સામે લડી લેવા અને કાશીની રક્ષા કરવા માટે કેડ બાંધી તૈયાર હતા. બંને પક્ષની લડાઈના સમાચાર ચારેય દિશામાં પ્રસરી ગયા હતા. દિલ્હી તરફથી આવતી યવનોની સેનાના પ્રતિદિન આગળ વધવાના સમાચાર આવતા હતા. કાશીના નગરજનોએ કાશી છોડી બીજાં સુરક્ષિત સ્થળોએ જવાની પ્રવૃત્તિ આદરી. લક્ષ્મણ ભટ્ટજી પણ પોતાના કેટલાક જ્ઞાતિજનો સાથે પ્રયાગ થઈ દક્ષિણ તરફ જવા નીકળી પડ્યા.

તે સમયની રાજનૈતિક અશાંતિના કારણે માર્ગમાં અનેક આપત્તિઓનો સામનો કરતા મધ્ય પ્રદેશના રાયપુર જિલ્લામાં આવેલા ચંપારણ્ય પ્રદેશમાંથી જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં

ગર્ભવતી ઈલ્લમ્માગારુના ઉદરમાં પીડા થવા લાગી. સાયંકાળ થવાના કારણે આગળ જઈ ચૌડા નામના ગામમાં રાત રોકાવાનો વિચાર હતો; પણ ઈલ્લમ્માગારુથી ત્યાં સુધી પહોંચવું મુશ્કેલ હતું. લક્ષ્મણ ભટ્ટજી પણ પત્નીની પ્રસવપીડાના કારણે એક જગ્યાએ વનમાં પત્ની સાથે રોકાયા. સાથેના લોકો આગળ નીકળી ગયા. પ્રસવની વધુ પીડાના કારણે ઈલ્લમ્માગારુજી એક વિશાળ વૃક્ષની નીચે જઈ બેઠાં, જ્યાં આઠ માસનો ગર્ભ બાળકરૂપે ઉત્પન્ન થયો. જન્મેલું ચેષ્ટાહીન બાળક અંધકારના કારણે જીવિત હોવાનું ન જણાયું. મૃત બાળકના જન્મનું ઘણું દુઃખ થયું અને ભયના કારણે પણ ઈલ્લમ્માગારુજી વ્યાકુળ હતાં. મુકામ ઉપર જલદી પહોંચવાની ઈચ્છાથી જન્મેલા બાળકની વધુ પરીક્ષા કર્યા વિના પોતાના પતિ પાસે આવી શોકાકુલ ઈલ્લમ્માગારુજીએ મૃત બાળકના જન્મના સમાચાર આપ્યા. લક્ષ્મણ ભટ્ટજીએ આને પ્રભુની ઈચ્છા માની પરિસ્થિતિ સ્વીકારી લીધી. બાળકના દેહની રક્ષા માટે બીજાં કોઈ સાધન ન દેખાતાં, તે બાળકને સૂકાં પાનના ઢગલા નીચે મૂકી દીધું; અને પતિપત્ની ત્યાંથી આગળ જવા નીકળી પડ્યાં.

ચૌડા ગામ આવી પોતાના સાથીદારોને મળ્યાં. ત્યાં લક્ષ્મણ ભટ્ટજીએ ઈલ્લમ્માગારુની યોગ્ય સારવાર કરી; ભોજન વગેરેથી પરવારી લક્ષ્મણ ભટ્ટજી વગેરે પરસ્પર વાતો કરતાં રાત્રિના સૂઈ ગયા. રાતના આવેલા કેટલાક લોકો દ્વારા સમાચાર મળ્યા કે કાશીમાં હવે સંપૂર્ણ શાંતિ સ્થપાઈ ચૂકી છે. સંન્યાસીઓએ પોતાના બળથી યવનોનો પરાજય કર્યો છે. કાશીમાં હવે કોઈ પણ જાતનું તોફાન રહ્યું નથી. આ સમાચાર જાણી કેટલાક

લોકોએ કાશી પાછા જવાનો વિચાર કર્યો. રાત્રિના આરામ કરતા લક્ષ્મણ ભટ્ટજી અને ઇલ્લમ્માગારુજીના હૃદયમાં અવર્ણનીય આનંદ થવા લાગ્યો. ચારે દિશાઓમાં ઉલ્લાસમય વાતાવરણ નજરે પડવા લાગ્યું. વાતાવરણમાં આવું મંગલમય પરિવર્તન જોતાં આ દંપતીને લાગ્યું કે ગઈકાલે ઉત્પન્ન થયેલ બાળક જીવિત અવસ્થામાં વિદ્યમાન છે; અને માતાનું હૃદય પોતાના પુત્રના મુખને જોવા આતુર બન્યું.

સવાર થતાં પોતાના જ કેટલાક સાથીઓ સાથે લક્ષ્મણ ભટ્ટજી પત્ની સાથે પાછા આવી રાત્રિના જ્યાં બાળક મૂક્યું હતું તે સ્થાન શોધવા લાગ્યા. વિશાળ વૃક્ષના નીચે તે સ્થાન તેમની નજરે પડ્યું જ્યાં રાત્રિના બાળકનો જન્મ થયો હતો. ઇલ્લમ્માગારુજી પતિ અને સાથીઓને દૂર ઊભા રાખી વૃક્ષ નીચે આવી જુએ છે તો ત્યાં અતિ સુકુમાર તેજસ્વી બાળક પગનો અંગૂઠો મુખમાં લઈ મંદ મંદ હસી રહ્યું હતું. વૃક્ષની નીચે જ્યાં બાળક મૂક્યો હતો તે ભાગ છોડીને બાકીનો ભાગ રાત્રિના ચારેય તરફ સળગેલા દાવાગ્નિથી સળગેલો જોતાં ઇલ્લમ્માગારુજીને ઘણો વિસ્મય થયો. આ અગ્નિના લીધે જ મારો બાળક સુરક્ષિત રહ્યો. ઇલ્લમ્માગારુએ પ્રેમથી પોતાના બાળકને ઉઠાવી હૃદયે લગાવી પોતાનું અહોભાગ્ય અને ભગવત્કૃપાનું આ ફળ માનતાં પોતાના પતિ પાસે આવ્યાં. લક્ષ્મણ ભટ્ટજી અને અન્ય સાથીઓ આ ચમત્કારિક ઘટના જોઈ-સાંભળી આશ્ચર્યચકિત અને પ્રસન્ન થયાં. આ પ્રસંગે લક્ષ્મણ ભટ્ટજીને એક દિવસના સ્વપ્નની વાત યાદ આવી કે એમના કુળમાં સો સોમયાગ પૂરા થતાં ભગવદ્-અવતાર થશે એવો પ્રભુનો આદેશ થયો હતો.

આજે તે પોતાના સંતાનના રૂપમાં ભગવદ્ વિભૂતિના પ્રાકટ્યનો મંગલ પ્રસંગ પ્રત્યક્ષ અનુભવી રહ્યા હતા. બાળકનાં સામુદ્રિક ચિહ્ન (જ્યોતિષશાસ્ત્રમાં નિર્દિષ્ટ) જોઈને નિશ્ચય થયો કે આ કોઈ સામાન્ય જીવ નથી પણ અનેક જીવોનો ઉદ્ધાર કરનાર મહાપુરુષ છે. બાળક અને તેની માતાની સુરક્ષા અને સંસ્કાર માટે ચૌડા નગરમાં પાછા આવી લક્ષ્મણ ભટ્ટજી કેટલાક દિવસ રહ્યા. અને એમના કેટલાક સગાંને જેમને કાશી વહેલા જવાની ઉતાવળ હતી. તેઓ કાશીના માર્ગે વળ્યા.

વલ્લભાચાર્યનું પ્રાકટ્ય સંવત ૧૫૩૫ શકે ૧૪૦૦ વૈશાખ વદી ૧૧(ગુજરાતીમાં ચૈત્ર વદ ૧૧)ના દિવસે રાત્રિના ૬ ઘડી ને ૪૪ પળે થયો હતો. આ જ બાળક દિવ્ય ગુણ, આદર્શ આચરણ, અનુપમ પાંડિત્ય, લોકહિતચિંતનથી અલંકૃત હોવાથી આગળ જતાં શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુના નામથી જગદ્ગુરુરૂપે વિશ્વપ્રસિદ્ધ થયો, જેમણે દુ:ખી, પીડિત, અશાંત જનસમાજના જીવનમાં ભક્તિમાર્ગના પ્રચારથી ભગવદ્રસસુધાનું સિંચન કર્યું.

## નામકરણ – અક્ષરારંભ

આ બાળકને પ્રથમ સ્તનપાન માતાએ કરાવ્યું એ દિવસ સંવત ૧૫૩૫ ચૈત્ર વદી ૧૨ને સોમવાર હતો. પિતાએ બાળકના જાતકર્મ સંસ્કાર વગેરે ક્રિયાઓ કરી. નામકરણ સંસ્કારમાં પિતા લક્ષ્મણ ભટ્ટજીએ આ બાળક સર્વને વહાલો હોવાના કારણે તેનું નામ શ્રીવલ્લભ રાખ્યું. તે ઉપરાંત દૈવનામ 'કૃષ્ણપ્રસાદ', માસનામ 'જનાર્દન', અને નક્ષત્રનામ 'શ્રવિષ્ટ' રાખ્યું. બાળકનું શરીર હૃષ્ટપુષ્ટ, શરીરનો રંગ શ્યામ; આકૃતિ સુંદર, અલૌકિક અને

તેજસ્વી હતી. આ બાળકનું પ્રસન્ન મુખ જોતાં પ્રત્યેક વ્યક્તિ બાળકના પ્રતિ આકર્ષાતી હતી. થોડા સમય પછી લક્ષ્મણ ભટ્ટજી પોતાના પરિવાર સાથે કાશી પહોંચ્યા. કાશીમાં પોતાના જૂના મકાનમાં સુખેથી રહેવા લાગ્યા; અને અધ્યયન અને અધ્યાપન દ્વારા પોતાની જીવનયાત્રા ચલાવવા લાગ્યા. માતાપિતાની કાળજી અને સ્નેહભર્યા વાતાવરણમાં અપાતી પ્રારંભિક શિક્ષા દ્વારા શ્રીવલ્લભની પ્રતિભાનાં દર્શન થવા લાગ્યાં. ચારપાંચ વર્ષની ઉંમર થતાં વલ્લભાચાર્યને અક્ષરારંભ કરાવ્યો. બાળકની અપ્રતિમ પ્રતિભાએ પિતાના હૃદયમાં નવો એક ભાવ જન્માવ્યો અને બાળકના અધ્યયન માટે વિશેષ ધ્યાન આપી લક્ષ્મણ ભટ્ટજી શિક્ષાપ્રદાનના કાર્યમાં પ્રવૃત્ત થયા, જેના ફળરૂપે શ્રીવલ્લભે થોડા સમયમાં પ્રારંભિક અધ્યયન પૂર્ણ કર્યું.

## યજ્ઞોપવીત – અધ્યયન

આઠમા વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર થતાં પહેલાં શ્રીવલ્લભે સંસ્કૃત સાહિત્યનું સુંદર જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. શ્રીવલ્લભાચાર્યજીએ વેદાધ્યયનનો આરંભ અષાઢ સુદ ૨ ના દિવસે કર્યો. અગિયાર વર્ષની ઉંમરમાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી વેદ-વેદાંત, શાસ્ત્રો, પુરાણોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. આ બાળકની સર્વતોમુખી પ્રતિભા જોઈને મોટા મોટા પંડિતોને પણ આશ્ચર્ય થવા લાગ્યું. શ્રીવિષ્ણુચિત, ગુરુનારાયણ, દીક્ષિત માધવેન્દ્ર યતિ વગેરે અધ્યાપક અને પિતા લક્ષ્મણ ભટ્ટજી વલ્લભાચાર્યની તેજસ્વી બુદ્ધિ જોઈને પ્રસન્નતા અનુભવવા લાગ્યા.

અધ્યયન સમાપ્ત કરી પોતાના જ્ઞાનની અભિવૃદ્ધિ માટે કાશીમાં થતી શાસ્ત્રાર્થ સભાઓમાં વલ્લભાચાર્ય પંડિતોના સામે ગંભીર વિષયોની ચર્ચા કરવા લાગ્યા. વેદનું રહસ્ય શું છે ? વેદનો ફલિતાર્થ કયા સિદ્ધાંત ઉપર આધારિત છે ? આવા વિષયો ઉપર શાસ્ત્રાર્થના સમયે વિદ્વાનોને વલ્લભાચાર્યના અગાધ પાંડિત્યનો પરિચય થવા લાગ્યો. શ્રીવલ્લભાચાર્યે વિદ્વાનોના સમાજમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની સ્થાપના કરવી શરૂ કરી; તે સમયે કાશીમાં શાસ્ત્રીય ઉત્ક્રાંતિનો સમય અનુભવાવા લાગ્યો. શાસ્ત્રચર્ચામાં નિરુત્તર અને પરાજિત થઈ કેટલાય પંડિતો અને સંન્યાસીઓએ વલ્લભાચાર્યના સિદ્ધાંતને સ્વીકાર્યો, જેના પરિણામે વિદ્વદ્સમાજમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની સ્થાપના થવા લાગી.

## ભૂતલયાત્રા – શાસ્ત્રચર્ચા

શ્રીવલ્લભાચાર્યજી જ્ઞાન સંપાદન કરી વિદ્વત્સમાજના સત્સંગ અને તીર્થાટન દ્વારા જ્ઞાનની અભિવૃદ્ધિના અવસરની પ્રતીક્ષામાં હતા. આ સમયે વલ્લભાચાર્યની ઉંમર દશથી અગિયાર વર્ષની હતી. શ્રી લક્ષ્મણ ભટ્ટજીને પોતાના આયુષ્યનો અંતિમ સમય પાસે આવેલો જણાતાં તીર્થયાત્રાએ નીકળવાનો વિચાર કર્યો. માતાપિતા સાથે કાશીથી સંવત ૧૫૪૫માં વલ્લભાચાર્યે પ્રયાણ કર્યું. માર્ગમાં આવતાં તીર્થોમાં સ્નાન, દાન, વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરી પોતાના સિદ્ધાંતની સ્થાપના કરતા કેટલાક દિવસોમાં જગન્નાથપુરી આવ્યા. જગન્નાથપુરીમાં માયાવાદી નાસ્તિકોના પ્રભાવ અને બળથી પરાજિત પંડિત સમુદાય ચુપચાપ બેઠો હતો. વલ્લભાચાર્યના જગન્નાથપુરીમાં

આગમનથી પંડિતોને નવું બળ, નવું ચૈતન્ય પ્રાપ્ત થયાનું અનુભવાવા લાગ્યું. અને તેમણે જગન્નાથપુરીના રાજાની સંમતિ લઈ એક દિવસ માયાવાદી વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થનો પ્રસંગ નિશ્ચિત કર્યો. આ શાસ્ત્રાર્થમાં ભાગ લેવા પંડિતોનો એક મોટો સમુદાય એકત્રિત થયો. જગદીશના મંદિરમાં યોજેલા આ શાસ્ત્રાર્થમાં વલ્લભાચાર્યને વિજય પ્રાપ્ત થયો. અંતમાં રાજાએ ચાર પ્રશ્નો પૂછ્યા. મુખ્ય પ્રામાણિક શાસ્ત્ર કયું? મુખ્ય પ્રામાણિક દેવ કોણ ? કયો મંત્ર ફળ આપનાર છે ? સર્વથી સરળ અને ઉત્તમ કર્મ કયું ? રાજાના આ પ્રશ્નો ઉપર વૈષ્ણવો અને માયાવાદીઓનો વાદવિવાદ ચાલતો રહ્યો. અંતમાં વલ્લભાચાર્યે ભક્તિમાર્ગને અનુરૂપ આ પ્રશ્નોનો નિર્ણય આપ્યો; જેનો માયાવાદીઓએ સ્વીકાર ન કર્યો અને આગ્રહ કર્યો કે જો આ સિદ્ધાંતને જગદીશ પ્રભુ સ્વીકારતા હોય તો જ સત્ય મનાય. રાજાની સંમતિથી પુરોહિતે કોરો કાગળ, કલમ અને શાહી પ્રભુના મંદિરમાં મૂક્યાં. દ્વાર બંધ કરી દીધાં. થોડા સમય બાદ મંદિરનાં દ્વાર ખોલતાં કાગળ ઉપર એક શ્લોક લખેલો મળી આવ્યો:

''एकं शास्त्रं देवकीपुत्रगीतं एको देवो देवकीपुत्र एव ।
मन्त्रोऽप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥''

આ શ્લોક કાગળ ઉપર જોતાં માયાવાદીઓને આશ્ચર્ય થયું. માયાવાદીઓએ આવી આશા રાખી ન હતી કે જગદીશ પ્રભુ દ્વારા આવો ઉત્તર મળશે. માયાવાદીઓએ શંકા કરી કે હાથ વિનાના જગદીશ ભગવાન કાગળ ઉપર કેવી રીતે લખી શકે ? માટે ફરીથી યોગ્ય વ્યવસ્થા કરી ભગવાનની પાસે કાગળ અને

કલમ મૂકવી જોઈએ. રાજાને માયાવાદીઓના આ વિતંડાવાદ ઉપર ગુસ્સો આવ્યો. પુરોહિતના સમજાવવાથી અને માયાવાદીઓના આગ્રહથી વલ્લભાચાર્યને પૂછ્યું તો તેમણે જવાબ આપ્યો કે મને કોઈ પ્રકારનો હઠાગ્રહ નથી. આપશ્રીને યોગ્ય લાગે તેમ કરો. ફરીથી યોગ્ય વ્યવસ્થા કરી મંદિરમાં કોઈ નથી તેની ખાતરી કરી પ્રભુના સમીપમાં કાગળ અને કલમ મૂક્યાં અને દ્વાર બંધ કર્યાં; થોડા સમય પછી દ્વાર ખોલી કાગળ જોતાં તેમાં આ પ્રમાણેનો શ્લોક હતો:

यः पुमान् पितरं द्वेष्टि तं विद्यादन्यरेतसम् ।
यः पुमानीश्वरं द्वेष्टि तं विद्यादन्त्यजोद्‌भवम् ॥

આ શ્લોક વાંચી રાજાને અત્યંત ક્રોધ આવ્યો અને માયાવાદી પંડિતોને મંદિરની બહાર કાઢી મૂક્યા. વલ્લભાચાર્યને વિજયમાળા પહેરાવી ભક્તિભાવથી પૂજન કર્યું. આ દિવ્ય અને ભવ્ય પ્રસંગથી ઉપસ્થિત જનસમાજમાં વલ્લભાચાર્યજીનું માન ઘણું વધી ગયું. એક વખત એકાદશીના દિવસે વલ્લભાચાર્યજી મંદિરમાં શ્રી જગન્નાથજીનાં દર્શન કરી રહ્યા હતા, તે વખતે કોઈક જાણકાર વ્યક્તિએ આચાર્યચરણના એકાદશીના વ્રતના નિયમની પરીક્ષા કરવા તેમના હાથમાં મહાપ્રસાદ લાવી મૂક્યો. પ્રસાદ મુખમાં મૂકે તો વ્રતભંગ થાય અથવા પ્રસાદનો અનાદર થાય. આ બંને વાતો અભીષ્ટ ન કહેવાય તેથી બંને પ્રકારના ધર્મની રક્ષા થાય તેવો ઉપાય વલ્લભાચાર્યે કર્યો. શ્રી જગન્નાથજીનાં દર્શન અને સ્તુતિ કરી તેમણે મહાપ્રસાદની સ્તુતિનો પ્રારંભ કર્યો. એકાદશી પૂર્ણ થઈ અને દ્વાદશીનાં પારણાનો સમય થયો ત્યાં સુધી પ્રસાદનું વર્ણન કરતા રહ્યા.

અંતમાં પ્રભુનાં દર્શન કરી દ્વાદશીના દિવસે પ્રસાદ લીધો. પરીક્ષા કરનાર વ્યક્તિ આ ઉત્કૃષ્ટ ધર્માચરણ આચાર્યજીનું જોઈને લજ્જિત બની ગઈ. કોઈ પણ વિપરીત પરિસ્થિતિમાં પોતાના નિયમનું પાલન કરવું જોઈએ. એ સિદ્ધાંત આચાર્યચરણે પોતાના આચરણ દ્વારા સુંદર રીતે આ પ્રસંગથી સમજાવ્યો છે.

લક્ષ્મણ ભટ્ટજીની ઈચ્છા જાણી જગન્નાથપુરીથી લક્ષ્મણ-બાલાજીનાં દર્શન કરવા દક્ષિણમાં આચાર્યચરણ પધાર્યા. આ વખતે લક્ષ્મણ ભટ્ટજીએ પોતાના મોટા પુત્ર રામકૃષ્ણજીને પત્ર લખી રસ્તામાં જ બોલાવી લીધા. સંવત ૧૫૪૬ના ફાગણ વદ ૯ના દિવસે વ્યંકટેશ્વર બાલાજીનાં દર્શન કરી લક્ષ્મણ ભટ્ટજીએ પોતાના પુત્રોને ઉપદેશ કરી પોતાની જીવનલીલા બાલાજીના મુખમાં પ્રવેશ કરી સંકેલી લીધી. પિતાની અંતિમક્રિયા પૂર્ણ થતાં વલ્લભાચાર્યજીએ માતાને સાથે લઈ યાત્રા માટે ત્યાંથી પ્રસ્થાન કર્યું.

શ્રી લક્ષ્મણ ભટ્ટજીનો બાલાજીના મુખમાં પ્રવેશનો પ્રસંગ જે વર્ણન કર્યો તેવી પ્રસિદ્ધિ છે. પણ વાસ્તવમાં ઈતિહાસ એવો મળે છે કે ભૂતલ યાત્રાએ નીકળતાં પહેલાં કાશીમાં જ શ્રી લક્ષ્મણ ભટ્ટજી દેહત્યાગ કરે છે. તેમના મોટા પુત્ર રામકૃષ્ણજી પિતાજીની ક્રિયા કરે છે. ગયાજી જઈ આવે છે. પછી માતાને વિજયનગરમાં મામાને ત્યાં જવાનું હોવાથી વલ્લભાચાર્યજી સપરિવાર શિષ્યમંડળ સાથે કાશીથી પ્રસ્થાન કરે છે. બાલાજીમાં આવે છે. ત્યાં વલ્લભાચાર્યજીનાં માતાજી સ્વપ્નમાં શ્રી લક્ષ્મણ ભટ્ટજીને બાલાજીના મુખમાં પ્રવેશ કરતાં જુએ છે. તે સ્વપ્નની વાત સવારના વલ્લભાચાર્યજીને કરે છે ત્યારે વલ્લભાચાર્યે કહ્યું કે

આપે જે સ્વપ્નમાં જોયું તે યથાર્થ છે.

બ્રહ્મચર્યવેશમાં જ વલ્લભાચાર્ય યાત્રા કરી રહ્યા હતા. સંપૂર્ણ ભારતની યાત્રા કરી સ્થળ સ્થળ પર ભક્તિમાર્ગનો પ્રચાર અને શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની સ્થાપના દ્વારા શ્રીવલ્લભાચાર્ય લોકસેવા અને વૈદિક સિદ્ધાંતોની સુરક્ષા કરવા ઈચ્છતા હતા; તેથી અનુકૂળ સમય જોઈ કેટલાક સમય બાદ માતાને વિજયનગરમાં પોતાના મામાને ત્યાં મૂકી શિષ્યો સાથે આગળ પ્રયાણ કર્યું.

સંવત ૧૫૪૬ના અંતમાં માહિષ્મતી નગરી ઓમકારેશ્વરની યાત્રા પૂરી કરી સંવત ૧૫૪૭ના પ્રારંભમાં વલ્લભાચાર્ય ઉજ્જૈન પધાર્યા. ક્ષિપ્રા નદીમાં સ્નાન, બ્રાહ્મણોને દાન વગેરે તીર્થનાં પુણ્યકાર્યો પૂર્ણ કરી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. મહાકાળેશ્વરનાં દર્શન કરી નરોત્તમ નામના વિદ્વાન બ્રાહ્મણને ચૈત્ર સુદિ ૧ના દિવસે પુરોહિતનું વૃત્તિપત્ર લખી આપ્યું. તે સંસ્કૃતમાં આ પ્રમાણે છે – તેની લિપિ તેલુગુ છે.

श्री विष्णुस्वामि मर्यादानुगामिना वल्लभेन अवन्तिकायां नरोत्तम शर्मा पौरोहित्येन सम्भावनीयः सं. १५४६ चैत्र शुद प्रतिपदि।

ઉજ્જૈનથી સિદ્ધવટ અને સાંદીપનિ ઋષિના આશ્રમમાં વલ્લભાચાર્યજી પધાર્યા. ત્યાં બ્રાહ્મણો સાથે શાસ્ત્રાર્થ સભા થઈ. કોઈક બ્રાહ્મણે વાદમાં પરાજય પામતાં કહ્યું કે અહીં 'ઘટ સરસ્વતી' નામનો વિદ્વાન હાજર નથી, નહીં તો એની વિદ્વત્તાનો સામનો કરવો આપને મુશ્કેલ પડત.

'ઘટ સરસ્વતી' મહાન તાંત્રિક વિદ્વાન હતો. શાસ્ત્રાર્થ વખતે વચમાં એક ઘડો મૂકતો હતો; અને પોતાના સિદ્ધાંતની પ્રામાણિકતા ઘડામાં આવતા શબ્દો દ્વારા કરાવતો હતો. ઘડામાં

સરસ્વતીનું આવાહન થતું હતું; અને સરસ્વતી આવાહન કરનારને વશ થઈ તેના પક્ષને પુષ્ટ કરતી હતી. શ્રીવલ્લભાચાર્ય સાંદીપનિના આશ્રમમાં આવ્યા ત્યારે ઘટ સરસ્વતી શાસ્ત્રાર્થ માટે ઉત્તર પ્રદેશ તરફ ગયો હતો. માટે આ સ્થળે ઘટ સરસ્વતી સાથે વલ્લભાચાર્યનો શાસ્ત્રાર્થ થઈ શક્યો નહીં.

## ઓડછામાં કનકાભિષેક

બુંદેલખંડમાં વેત્રવતીના કિનારા ઉપર ઓડછા નગરીમાં સં. ૧૫૪૭ના છેવટમાં વલ્લભાચાર્ય પધાર્યા. ત્યાં એક સુંદર સ્થાનમાં નિવાસ કરી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. શ્રીવલ્લભાચાર્ય પધાર્યાના સમાચાર ઓડછા નરેશને મળ્યા એટલે તેણે સામે આવી સ્વાગત કરી વલ્લભાચાર્યને રાજધાનીમાં પધરાવ્યા. આ પ્રસંગે ઓડછામાં ઘટ સરસ્વતી હાજર હતા અને તેની સાથે શાસ્ત્રાર્થનો સંયોગ ઉપસ્થિત થયો. રાજસભામાં વલ્લભાચાર્ય સાથે શાસ્ત્રાર્થમાં ઘટ સરસ્વતી પરાજિત થવા લાગ્યો. એણે પોતાના પક્ષની પ્રામાણિકતા માટે ઘડાનું સ્થાપન કરી સરસ્વતીને પૂછ્યું પણ સરસ્વતીએ ઉત્તર આપ્યો નહીં. ઘટ સરસ્વતીએ એકાંતમાં ઘડામાં આવાહિત સરસ્વતીને પૂછ્યું કે જવાબ કેમ ન આપ્યો ? ત્યારે સરસ્વતીએ કહ્યું કે હું મારા પતિના સામે કેમ બોલી શકું ? વલ્લભાચાર્ય વાક્પતિ છે એટલે મારા પતિ છે. હું તેમની સામે તમારો પક્ષ લઈ શકું નહીં. આથી વિવશ થઈ રાજસભાની વચમાં વલ્લભાચાર્ય સામે ઘટ સરસ્વતીએ પોતાનો પરાજય સ્વીકારી લીધો. શ્રીવલ્લભાચાર્યની વિદ્વત્તા અને વિજયથી પ્રસન્ન થઈ ઓડછા નરેશે તેમનું સન્માન

કર્યું; અને એક દિવસ ધૂમધામથી રાજમહેલમાં વલ્લભાચાર્યજીને પધરાવી શાસ્ત્રોક્ત વિધિથી તેમનો કનકાભિષેક કર્યો. આ સમારંભના અંતમાં રાજાએ પોતાને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપવા માટે વલ્લભાચાર્યને વિનંતી કરી. આચાર્યચરણે આજ્ઞા કરી કે ''વંશપરંપરાથી આપને જે દીક્ષા મળતી આવી છે, તે યોગ્ય જ છે. અમારી જ્ઞાતિના આપના જે ગુરુ* છે; એમને અમારા સમાન માની આદર કરજો.''

થોડા દિવસ રાજાના આગ્રહથી ત્યાં રોકાઈ, ત્યાંથી દતિયા, ભોપાલ, ગ્વાલિયર અને ધોલપુર આવ્યા. અને ત્યાંથી રાજા મુચુકુંદની ગુફાનું નિરીક્ષણ કરી, મથુરા સંવત ૧૫૪૮ના મધ્યમાં આવ્યા. મથુરામાં વિશ્રામઘાટ ઉપર મુકામ કરી, ભાગવતનું પારાયણ અને તીર્થકાર્ય કર્યું. થોડા વખત પછી વ્રજચોર્યાસી કોશની વિધિ પ્રમાણે પરિક્રમા કરી. પરિક્રમાના નિયમની સમાપ્તિના અવસરે દાન વગેરે આપતા. 'ઉજાગર' ચતુર્વેદ નામના બ્રાહ્મણને પોતાના પુરોહિત બનાવ્યા.

એક વાર વ્રજયાત્રાના પ્રસંગમાં આચાર્યચરણ ગહ્વરવનમાં પધાર્યા, ત્યાં તેમણે જોયું કે એક મરવા પડેલા અજગરને લાખ્ખો કીડીઓ ચટકા ભરી સતાવી રહી હતી. આચાર્યચરણને દયા આવી અને કમંડલુમાંથી ભગવદ્ ચરણોદક લઈને અજગર ઉપર છાંટ્યું. ભગવદ્ ચરણોદકના સ્પર્શથી અજગરને સદ્ગતિ પ્રાપ્ત થઈ. અજગરની દુર્દશા જોઈ ઘણા લાંબા સમય સુધી

---

*રાજાના પરંપરાગત ગુરુ તૈલંગ જ્ઞાતિના શ્રીવત્સ ગૌત્રી પંડિત વિદ્યાદેવજીના નામનો ઉલ્લેખ મળી આવે છે, જેમના વંશજ આજે પણ રાજગુરુ છે.

આચાર્યચરણ પશ્ચાત્તાપ કરતા રહ્યા. શિષ્યોએ આનું કારણ પૂછ્યું, તો આચાર્યચરણે કહ્યું કે, ''આ અજગર ગયા જન્મમાં એક મંદિરનો ધનવાન મહંત હતો. એણે પોતાના શિષ્યો પાસેથી ઘણું દ્રવ્ય લઈ, પોતાના ભોગવિલાસમાં વાપર્યું હતું પણ શિષ્યોના ઉદ્ધાર માટે જરાય ઉપદેશ કે પ્રયત્નો કર્યા ન હતા. તેથી એ આ જન્મમાં અજગર થયો અને એના શિષ્યો કીડીઓ બન્યા. અને પોતાનો બદલો લઈ રહ્યા હતા. જો ગુરુ પોતાનું માહાત્મ્ય વધારી પાખંડ કરે છે અને શિષ્યોના ઉપકાર માટે કોઈ માર્ગ બતાવતા નથી તો તેમની આ દશા થાય છે.'' માટે ગુરુએ ઘણી સાવધાની રાખવાની આવશ્યકતા છે. આ કળિયુગ છે. તેમાં કરેલાં સારાં ખરાબ કર્મનું ફળ જલદી પ્રાપ્ત થાય છે.

## બ્રહ્મસંબંધ-દીક્ષા

ઝારખંડમાં થયેલી શ્રીનાથજીની આજ્ઞાનુસાર સંવત ૧૫૪૯ના ફાગણ સુદિ ૧૧ ને ગુરુવારના દિવસે વલ્લભાચાર્ય પોતાની આગળની યાત્રા બંધ રાખી પાછા ગિરિરાજ થઈ, ગોકુળ પધાર્યા. તે વખતે કળિકાળના જીવોની દયનીય દશા જોઈ આચાર્યચરણને અત્યંત દુઃખ થયું. એ જીવાત્માઓના ઉદ્ધાર માટે સરળ માર્ગ શોધવાને ચિંતાતુર બન્યા. આવા જીવોના ઉદ્ધાર માટે સરળ માર્ગ બતાવવા વલ્લભાચાર્યે ભગવાનને પ્રાર્થના કરી. દયાનિધિ ભગવાને વલ્લભાચાર્યની કરુણાપૂર્ણ પ્રાર્થનાથી પ્રસન્ન થઈ, સંવત ૧૫૫૦, શ્રાવણ સુદિ ૧૧ ને ગુરુવારની મધ્યરાત્રિએ સાક્ષાત્ પ્રભુએ પ્રગટ થઈ, બ્રહ્મસંબંધ દીક્ષાનો ઉપદેશ આપ્યો અને બ્રહ્મસંબંધ દ્વારા જીવોના સર્વ દોષ અને

વિઘ્ન નિવૃત્ત થઈ, ભક્તિ દ્વારા પોતાની પ્રાપ્તિનો પ્રભુએ ઉપાય બતાવ્યો છે. (ભગવાનના ચરણારવિંદમાં સમર્પણ કરી, પોતાની સાંસારિક અહંતા, મમતા છોડી, ભક્તિ દ્વારા ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત કરવો એનું નામ બ્રહ્મસંબંધ.)

શ્રી વલ્લભાચાર્યે પ્રગટ થયેલા સાક્ષાત્ પ્રભુને પવિત્રાં ધારણ કરાવ્યાં અને સાકરનો ભોગ આરોગાવ્યો. ભગવાને જીવોના ઉદ્ધાર માટે જે આજ્ઞા, જે માર્ગ બતાવ્યો, એનું વલ્લભાચાર્યે સંકલન કર્યું. એ 'સિદ્ધાંતરહસ્ય' નામના ગ્રંથથી સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. દામોદરદાસજીને સર્વપ્રથમ બ્રહ્મસંબંધની દીક્ષા શ્રીવલ્લભાચાર્યે ગ્રહણ કરાવી. ત્યાર બાદ બ્રહ્મસંબંધ દીક્ષા પુષ્ટિમાર્ગની મુખ્ય દીક્ષા બની ગઈ, જે દીક્ષા પ્રાપ્ત કરી અનેક લોકોએ ભક્તિ દ્વારા પ્રભુનો સાનુભાવ જીવનમાં સિદ્ધ કર્યો.

## શ્રીવલ્લભની તેજસ્વિતા – કૃપાળુતા

વ્રજયાત્રાના સમયમાં વલ્લભાચાર્યના પ્રભાવના ચમત્કારપૂર્ણ પ્રસંગો સાંપ્રદાયિક ગ્રંથમાં મળે છે. એક વખત વલ્લભાચાર્ય વિશ્રામઘાટ ઉપર મથુરામાં સ્નાન કરવા જતા હતા, ત્યારે લોકોએ ત્યાં જવાની ના પાડી. કારણ કે વિશ્રામઘાટના દરવાજા ઉપર બાદશાહ સિકંદર લોદીના કાજી રુસ્તમઅલીએ એવું જંત્રમંત્ર લટકાવ્યું હતું કે જેની નીચેથી જનાર હિંદુની ચોટલી કપાઈ દાઢી બની જાય છે. આવા માણસોને મુસલમાન બનાવી દેવાય છે. આચાર્યચરણ આ સાંભળી હસ્યા અને લોકોના મનમાંથી આ ભ્રમણા અને ભય દૂર કરવા માટે યમુનામાં સ્નાનની ઈચ્છા રાખનાર વિશાળ માનવસમુદાયને સાથે લઈ,

વિશ્રામઘાટના એ દરવાજેથી યમુનાકિનારે આવી સ્નાન કર્યું. કોઈ પણ પ્રકારની આપત્તિ વગર પોતાને ઘેર પાછા પધાર્યા. સાથે આવેલા માનવસમુદાયે આને શ્રી આચાર્યચરણનું અલૌકિક માહાત્મ્ય માન્યું. તોપણ લોકો એકલા એ દરવાજેથી સ્નાન માટે જતા ન હતા. ઘણું સમજાવ્યા છતાંય લોકોનો આ ભ્રમ અને ભય દૂર ન થયો. ત્યારે વલ્લભાચાર્યે એક જંત્રમંત્ર બનાવી, દિલ્હીના દરવાજામાં બાંધી આવવા માટે પોતાના શિષ્યને આપ્યું. ત્યાર બાદ દિલ્હીથી વાતો આવવા લાગી કે દિલ્હીના દરવાજે લગાવેલા જંત્રમંત્ર નીચેથી જો કોઈ મુસલમાન પસાર થાય છે તો તેની દાઢી જતી રહે છે અને ચોટલી ઊગી આવે છે. બાદશાહ સિકંદર લોદીને આ વાતની ખબર પડી. તેણે આચાર્યચરણના શિષ્યને બોલાવીને પૂછ્યું અને સર્વ વિગત જાણી. બાદશાહે કાજી દ્વારા મથુરામાંથી જંત્ર ઉઠાવી લીધું અને દિલ્હીના દરવાજાનું જંત્ર પણ ઉઠાવી લેવા વિનંતી કરી. આ પ્રસંગથી વલ્લભાચાર્યનું માહાત્મ્ય ચોતરફ ફેલાઈ ગયું.

સિકંદર લોદીએ વલ્લભાચાર્યની મહાનુભાવતાથી પ્રભાવિત થઈ, પોતાના હોનહાર નામના ચિત્રકારને મહાપ્રભુજીનું ચિત્ર બનાવવા ગોકુળ મોકલ્યા. તેણે મહાપ્રભુજીનાં બે ચિત્રો બનાવ્યાં. પણ તે ચિત્રો વાસ્તવિક ન બન્યાં ત્યારે વલ્લભાચાર્યના ચરણમાં આવી, પોતાની લાજ રાખવા વિનંતી કરી, ત્યારે વલ્લભાચાર્યે પોતાનું ચિત્ર બનાવવાની આજ્ઞા આપી. ત્યાર બાદ તૈયાર થયેલું ચિત્ર યથાર્થ ચિત્ર બન્યું. જે જોઈને બાદશાહ ખુશ થયો અને તેણે ઢંઢેરો પિટાવ્યો કે વૈષ્ણવ-સંપ્રદાય સાથે જોરજુલમ કરવો નહીં. આ વાત પ્રસિદ્ધ છે.

(કેટલાક સાંપ્રદાયિક સંશોધકોના મતે હોનહારનો પ્રસંગ વાસ્તવિક નથી.)

## વિજયનગરમાં કનકાભિષેક

સંવત ૧૫૬૬થી ૧૫૮૬માં વિજયનગરમાં પ્રતાપી રાજા કૃષ્ણદેવરાયનો રાજ્ય સમય માનવામાં આવે છે. તેણે પોતાની નીતિ અને શક્તિથી રાજ્યનો ખૂબ જ વિસ્તાર વધાર્યો હતો. કૃષ્ણદેવરાય ધાર્મિક, વિદ્વાન, પરાક્રમી અને નીતિકુશળ રાજા હતો. સાથે સાથે તત્ત્વજ્ઞ અને શાસ્ત્રવેત્તા હતો. પંડિતોની શાસ્ત્રાર્થ સભાઓનું આયોજન કરતો હતો. અને પ્રસિદ્ધ વિદ્વાનોનો સત્કાર કરી, કૃતાર્થ થતો હતો.

આચાર્યચરણ જ્યારે દક્ષિણની યાત્રાએ આવી રહ્યા હતા ત્યારે તેમણે સાંભળ્યું કે વિજયનગરના મહારાજા કૃષ્ણદેવરાયે પોતાની રાજધાનીમાં પંડિતોની વિશાળ સભાનું આયોજન કર્યું છે અને એમાં કેટલાક દિવસોથી વેદાંત ઉપર જુદા જુદા સિદ્ધાંતવાદીઓનો વિવાદ ચાલી રહ્યો છે. વલ્લભાચાર્યે પોતાના સિદ્ધાંત પ્રતિપાદન માટે આ પ્રસંગને ઉચિત ગણ્યો અને પોતાની માતાને મામાને ત્યાં મૂકી, વિજયનગરની શાસ્ત્રાર્થ સભામાં પધાર્યા. વલ્લભાચાર્યના અલૌકિક તેજથી પ્રભાવિત બની, રાજા અને ઉપસ્થિત વિદ્વાનોએ સન્માન કરી, ઉચ્ચ આસન ઉપર વલ્લભાચાર્યને બિરાજાવ્યા. આ શાસ્ત્રાર્થ - સભાના વિષયમાં સાંપ્રદાયિક ગ્રંથોમાંથી કેટલોક પ્રકાશ મળે છે.

'વલ્લભચરિત્ર'માં કૃષ્ણદેવરાય રાજાની રાણીને મધ્વ સંપ્રદાયની દીક્ષા હતી. રાણીના આગ્રહથી રાજા પણ વ્યાસતીર્થ

દ્વારા મધ્વ સંપ્રદાયની દીક્ષા લેવા ઈચ્છતો હતો. આ વાત શાંકર વિદ્વાનોથી સહન થઈ નહીં. પરસ્પર ઝઘડો વિદ્વાનોમાં થતો જોઈ, રાજાએ શાસ્ત્રાર્થ દ્વારા કોઈ એક પક્ષનો વિજય કરાવવા અને વિજયી સંપ્રદાયના શિષ્ય થવાનું વિચાર્યું, જેના પરિણામરૂપે શાસ્ત્રાર્થ માટે વૈષ્ણવ અને શૈવ એવા બે પક્ષો પડ્યા. શાસ્ત્રાર્થમાં એક બાજુ મધ્વ, નિંબાર્ક, વિષ્ણુસ્વામી અને રામાનુજ સંપ્રદાયના આચાર્યો અને વિદ્વાનો હતા. તો બીજા પક્ષે શાંકર, શૈવ, શાક્ત વગેરે સંપ્રદાયના અનુયાયીઓ ઉપસ્થિત થયા હતા. વૈષ્ણવો તરફથી વ્યાસતીર્થ અને શાંકરો તરફથી વિદ્યાતીર્થનો શાસ્ત્રાર્થ ચાલ્યો. આ શાસ્ત્રાર્થમાં વૈષ્ણવોનો પક્ષ નિર્બળ બન્યો અને શાંકરોનો વિજય થઈ તેમના કનકાભિષેકની ઘડીઓ ગણાવા લાગી. તે સમયે વલ્લભાચાર્ય આ શાસ્ત્રાર્થ સભામાં ઉપસ્થિત થયા અને શાસ્ત્રાર્થનો રંગ બદલાઈ ગયો.

(૧) 'સંપ્રદાયપ્રદીપ'માં શાસ્ત્રાર્થ સભાના સાતમે દિવસે શ્રીવલ્લભાચાર્ય પધાર્યા, એવો ઉલ્લેખ મળી આવે છે.

(૨) 'વલ્લભીયસર્વસ્વ'માં વલ્લભાચાર્ય શાસ્ત્રાર્થ સભામાં પધાર્યા, તે પહેલાં છ માસથી શાસ્ત્રાર્થ ચાલતો હતો એવો ઉલ્લેખ છે. અને વિષ્ણુસ્વામી સંપ્રદાયની ગાદી ઉપર વલ્લભાચાર્ય બિરાજ્યા અને બિલ્વમંગળે તેમને તિલક કર્યાનો ઉલ્લેખ છે.

(૩) 'વલ્લભચરિત્ર'માં કુલ અઠ્ઠાવીસ દિવસ અને 'વલ્લભસર્વસ્વ'માં કુલ સત્તાવીસ દિવસ શ્રીવલ્લભાચાર્ય સાથે શાસ્ત્રાર્થ થયાનો પ્રસંગ મળે છે.

શાસ્ત્રાર્થ સભામાં સર્વ પ્રતિવાદી આચાર્યચરણની વાગ્ધારા પાસે નિરુત્તર થઈ જતા. સભાપતિ વ્યાસતીર્થે પોતાનો નિર્ણય આપતાં શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની પુષ્ટિ કરી, અને શાસ્ત્રાર્થ સભામાં સર્વોપરી શ્રીવલ્લભાચાર્યનો વિજય જાહેર કર્યો. રાજાએ પણ આચાર્યચરણને પ્રણામ કર્યા અને કનકાભિષેકનું આયોજન કર્યું. કનકાભિષેકની સભામાં પધારતાં પહેલાં, નગરમાં વિજયયાત્રાનું આયોજન કર્યું હતું. પાલખીમાં આચાર્યચરણ ન બિરાજ્યા, પણ બ્રહ્મચર્ય આશ્રમના નિયમ પ્રમાણે પગે ચાલતાં વિજયયાત્રામાં વલ્લભાચાર્યજી પધાર્યા અને પાલખીમાં 'શ્રીમદ્ ભાગવત'નું પુસ્તક પધરાવ્યું. રાજસભામાં એક ભવ્ય સિંહાસન ઉપર વલ્લભાચાર્યને બિરાજાવ્યા. રાજા અને આચાર્યોએ વેદવિધિથી વલ્લભાચાર્યનું પૂજન કર્યું. અને પંડિતસમાજની વચમાં વલ્લભાચાર્યના જયઘોષ સાથે સુવર્ણસિંહાસન પર સુવર્ણપુષ્પો, સુગંધિત પદાર્થયુક્ત કેસરમિશ્રિત તીર્થના જળથી કનકાભિષેક કરવામાં આવ્યો. ત્યાર બાદ યોગ્ય વસ્ત્ર, અલંકાર અંગીકાર કરાવી આચાર્યચરણનું કૃષ્ણદેવરાયે પૂજન કર્યું. અને વિદ્વતસમાજે વલ્લભાચાર્યને વિષ્ણુસ્વામી સંપ્રદાયની આચાર્યપદવી બિરદાવલી (છડી) અર્પણ કરી, જયઘોષ કર્યો. અભિષેક થઈ ગયા પછી અભિષેકનું સર્વ સુવર્ણ અને પાત્રો વલ્લભાચાર્યને ભેટ કર્યાં અને સ્વીકારવા વિનંતી કરી. પણ તેનો વલ્લભાચાર્યે સ્વીકાર ન કર્યો અને ઉપસ્થિત નિર્ધન વિદ્વાનો અને બ્રાહ્મણોમાં તે સોનું વહેંચાવી દીધું. કૃષ્ણદેવ રાજા આચાર્યચરણનો આ અનુપમ ત્યાગ જોઈ ગદ્ગદિત થઈ ગયો અને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા વિનંતી કરી. આચાર્યચરણે

એને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપી. રાજાએ એક સોનાના થાળમાં એક હજાર સોનામહોર ભેટ ધરી, આચાર્યચરણે તેમાંથી કેવળ સાત સોનામહોર લીધી. જેમાંથી સાડા ત્રણ સોનામહોરનાં ગિરિરાજમાં શ્રીનાથજીનાં નૂપુર અને બાકી રહેલી સાડા ત્રણ સોનામહોરમાંથી પંઢરપુરમાં યાત્રાએ આવેલા, આચાર્યચરણે વિઠ્ઠલનાથ ઠાકોરજીની સોનાની કટિમેખલા બનાવી. બાકી રહેલા દ્રવ્યમાંથી અડધું દ્રવ્ય પિતાના સમયનું દેવું ચૂકવવા માતાને આપ્યું અને બાકીનું દ્રવ્ય યજ્ઞયાગ માટે જુદું મુકાવી દીધું.

વિજયનગરથી નીકળી, દક્ષિણનાં તીર્થોની યાત્રા કરી. સ્થળે સ્થળે વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ દ્વારા પોતાના સિદ્ધાંતની, ભક્તિમાર્ગની સ્થાપના કરી. વલ્લભાચાર્યની વિદ્વત્તા અને અલૌકિકતાથી પ્રભાવિત થઈ, પંડિતો અને સમાજના અનેક લોકો તેમના શિષ્ય બનવા લાગ્યા.

દક્ષિણની યાત્રા પૂર્ણ કરી એક વખત વલ્લભાચાર્ય પશ્ચિમની યાત્રાએ પધાર્યા. જ્યાં ભક્તિના પ્રચાર દ્વારા અનેક લોકોનો ઉદ્ધાર કર્યો. એ સમયે દ્વારકામાં સંન્યાસીઓ સાથે ગીતા ઉપર વલ્લભાચાર્યનો ઘણા દિવસો સુધી શાસ્ત્રાર્થ થયો. અંતમાં, આચાર્યચરણને વિજય પ્રાપ્ત થયો. તેમણે ગીતાનું વાસ્તવિક રહસ્ય સમજાવ્યું.

ત્યાર બાદ પશ્ચિમની યાત્રા પૂરી કરી, સંવત ૧૫૬૮ના જેષ્ઠ માસમાં બદરિકાશ્રમમાં શ્રીવલ્લભાચાર્ય પધાર્યા. અહીંનાં બધાં સ્થાનોમાં પોતાનો પ્રચાર કર્યો અને કેટલાક દિવસ રોકાઈ, સુબોધિનીજીનું પ્રવચન કર્યું. વ્યાસાશ્રમમાં એક દિવસ ઓચિંતા ભગવાન વ્યાસનાં દર્શન વલ્લભાચાર્યને થયાં. પોતાના મનની

કેટલીક શંકાઓ શ્રીવલ્લભાચાર્યે પૂછી, જેનું ભાગવત વ્યાસે સમાધાન કર્યું.

## શ્રીનાથજીનું પ્રાકટ્ય – સેવામાર્ગ

શ્રીવલ્લભાચાર્ય પ્રથમ યાત્રાપ્રસંગમાં સંવત ૧૫૪૯માં ઝારખંડમાં બિરાજતા હતા, ત્યારે ફાગણ સુદિ ૧૧ ને ગુરુવારના દિવસે શ્રીનાથજીએ આંતરિક આજ્ઞા કરી કે આપ વ્રજમાં આવી મને પ્રકટ કરો. શ્રીનાથજીની ઈચ્છા શિરોધાર્ય કરી વલ્લભાચાર્યે પોતાની આગળની યાત્રા બંધ રાખી ગિરિરાજમાં આવી શ્રીનાથજીનું પ્રાગટ્ય કરી પછી આગળ જવાનો નિર્ધાર કર્યો. પોતાના શિષ્યોને સાથે લઈ, વ્રજમાં મથુરા આવી ભાગવતનું પારાયણ પૂર્ણ કર્યું. શ્રી ગિરિરાજની પરિક્રમા કરતાં તળેટીમાં અન્યોર નામના ગામમાં પધાર્યા. ત્યાં સદુપાંડેના ઘર આગળ મુકામ કર્યો. સંવત ૧૪૬૬ના શ્રાવણ વદી ૩(ગુજરાતી - અષાડ વદી ૩)ને રવિવારના પ્રાતઃકાળમાં શ્રી ગિરિરાજમાં શ્રીનાથજીની ઊર્ધ્વભુજાનો પ્રાદુર્ભાવ થયો. આ વાતની કોઈને ખબર ન થઈ. શ્રાવણ સુદિ ૫ના દિવસે એક વ્રજવાસી પોતાની ગાય ખોળતો ગિરિરાજ ઉપર પહોંચ્યો. તેને પ્રકટ થયેલા પ્રભુના હસ્તનાં દર્શન થયાં. કોઈક મૂર્તિના પ્રકટ થયેલા હસ્તનાં દર્શન કરવા, દરરોજ અનેક વ્રજવાસીઓ આવવા લાગ્યા અને દૂધ-દહીં ચડાવી પૂજા કરવા લાગ્યા, માનતા માનવા લાગ્યા. અને આ પ્રમાણે દર વર્ષે નાગપંચમીના દિવસે અહીં એક મોટો મેળો ભરાવા લાગ્યો. ધીરે ધીરે દેવદમન શ્રીનાથજી અથવા ગોવર્ધનનાથજીની પ્રસિદ્ધિ ચારે બાજુ થવા લાગી. ધીરે ધીરે

શ્રીનાથજીના સ્વરૂપનો પ્રાદુર્ભાવ પણ થવા લાગ્યો. જે દિવસે વલ્લભાચાર્યનો પ્રાદુર્ભાવ થયો, તે જ દિવસે બપોરના શ્રીનાથજીના મુખારવિંદનું પણ પ્રાકટ્ય થયું. તેનો લોકોએ મોટો ઉત્સવ કર્યો. અન્યોરનિવાસી સદુપાંડે રોજ પોતાની ગાયનું ઉત્તમ દૂધ પ્રભુને આરોગાવતો હતો. કેટલાક સમય બાદ ગૌડીઆ સંપ્રદાયના વૈષ્ણવ માધવાનંદ નામના એક વિરક્ત સાધુ અન્યોરમાં આવ્યા. અહીં સદુપાંડે અને વ્રજવાસીઓ દ્વારા તેમને શ્રીનાથજીનાં દર્શન થયાં. તેમણે ખૂબ ભાવથી શ્રીનાથજીની સેવા કરી, મોર, ચંદ્રિકા અને ગુંજાની માળા ધારણ કરાવી ભોગ ધરાવ્યો. માધવાનંદ સ્વામી આ રીતે દરરોજ શ્રીનાથજીની સેવા કરતા. ત્યાં રહીને પોતાનું જીવન વિતાવવા લાગ્યા. સંવત ૧૫૪૯માં થયેલી પ્રભુની આજ્ઞા અનુસાર થોડાક દિવસમાં જ વલ્લભાચાર્ય અન્યોર પધાર્યા. સદુપાંડે દ્વારા સર્વ વૃત્તાંત જાણ્યો. શ્રીનાથજીનાં દર્શન કર્યાં અને થોડા સમય પછી શ્રીનાથજીનો પાટોત્સવ કર્યો. સેવા, શૃંગારનો ક્રમ નિશ્ચિત કરી, અપ્સરાકુંડ ઉપર રહેતા રામદાસને સેવાનો ભાર સોંપ્યો. થોડા સમય પછી વલ્લભાચાર્યે ગિરિરાજ ઉપર એક નાનું મંદિર બનાવડાવ્યું. તેમાં શ્રીનાથજીને પધરાવી પોતે ભૂતલયાત્રા માટે પુનઃપ્રસ્થાન કર્યું. વલ્લભાચાર્યની જ્યારે જ્યારે યાત્રા પૂરી થતી ત્યારે ગિરિરાજ આવી, શ્રીનાથજીની સેવા-વ્યવસ્થા કરતા હતા. સંવત ૧૫૫૬ના ચૈત્ર સુદિ ૨ના દિવસે પૂર્ણમલ્લ નામના ક્ષત્રિયને શ્રીનાથજીનું મંદિર બનાવવાની આંતિરક પ્રેરણા થઈ. એણે આચાર્યચરણની આજ્ઞા લઈ, મંદિર બનાવવાનો વિચાર પ્રકટ કર્યો.

શ્રીનાથજીનું નવું મંદિર બનાવવાનો પ્રારંભ કર્યો. પૂર્ણમલ્લની પાસે જે ધન હતું તે ખર્ચાઈ ગયું. પણ મંદિરનું કામ અધૂરું રહ્યું. તેથી પૂર્ણમલ્લે ફરી વેપાર દ્વારા ધન મેળવી મંદિરનું કામ વીસ વર્ષમાં પૂરું કર્યું. સંવત ૧૫૭૬ના વૈશાખ સુદિ ૩ના તૈયાર થયેલા નવા મંદિરમાં શ્રીવલ્લભાચાર્યે શ્રીનાથજીને પધરાવ્યા. એ વખતે તેમણે બંગાળી વૈષ્ણવોને શ્રીનાથજીની સેવા સોંપી. મંદિરની વ્યવસ્થા માટે કૃષ્ણદાસને અધિકારી અને કુંભનદાસને કીર્તિનિયાની સેવા આપી અને વલ્લભાચાર્ય ચરણાટ પધાર્યા.

ચરણાટથી કોઈક કોઈક વખત ગિરિરાજ આવી શ્રીનાથજીની સેવા વલ્લભાચાર્ય કરતા હતા. પોતાનાં પત્ની, માતા અને પુત્રોને શ્રીનાથજીના ચરણસ્પર્શ કરાવી સેવાની શિક્ષા આપી. આચાર્યચરણ પછી તેમના પુત્ર ગોપીનાથજી અને ત્યાર બાદ શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રીનાથજીના સેવા-વૈભવ વધારી પુષ્ટિમાર્ગનો એક આદર્શ પૂરો પાડ્યો.

વલ્લભાચાર્યને ભૂતલયાત્રાના સમયમાં અનેક સ્થળોથી ભગવદ્‌સ્વરૂપ પ્રાપ્ત થયાં હતાં; જે સ્વરૂપોને વૈષ્ણવોને સેવા માટે પધરાવી આપ્યાં હતાં. શ્રી મથુરેશજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી દ્વારકાધીશજી વગેરે સ્વરૂપો આચાર્યચરણ દ્વારા વૈષ્ણવોને ત્યાં બિરાજ્યાં; અને પાછળથી જે શ્રી વિઠ્ઠલનાથજી દ્વારા સાત પુત્રોને વહેંચી આપવામાં આવ્યાં.

## ગૃહસ્થાશ્રમ

વલ્લભાચાર્ય બીજી ભૂતલયાત્રામાંથી કાશી આવી રહ્યા. ૧૫૬૦-'૬૧માં પોતે લગ્ન કર્યાં. પોતાની લગ્ન કરવાની ઇચ્છા

ન હતી, પરંતુ પંઢરપુરમાં શ્રી વિઠ્ઠલનાથજીએ લગ્ન કરવા માટે આજ્ઞા કરી. તેથી કાશીના મધુમંગલ અને તેમનાં પત્ની અત્રિમ્માની દીકરી શ્રી મહાલક્ષ્મી સાથે શ્રીવલ્લભાચાર્યે લગ્ન કર્યાં. ગૃહસ્થજીવનમાં શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં બે બાળકોનું પ્રાકટ્ય થયું. શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી. આ બે મહાનુભાવ બાળકો ઘણા વિદ્વાન અને પ્રસિદ્ધ આચાર્ય થયા. પ્રથમ પુત્ર ગોપીનાથજી સંવત ૧૬૨૦ની આસપાસ નિત્યલીલામાં પ્રવેશ્યા. ત્યાર બાદ સંપ્રદાયનું આચાર્યપદ શ્રી વિઠ્ઠલનાથજીએ શોભાવ્યું. અનેક પ્રદેશોની યાત્રા કરી; શાસ્ત્રાર્થ કરી શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની વિજયપતાકા ચારે દિશામાં ફેલાવી સંપ્રદાયમાં સાત પીઠની સ્થાપના કરી.

ત્રણ ભૂતલયાત્રા પૂર્ણ થયા બાદ પોતાના ગૃહસ્થાશ્રમ માટે એક સ્થાનમાં નિવાસ કરવો આવશ્યક જણાતાં શ્રીવલ્લભાચાર્યે પ્રયાગની પાસે અડેલમાં પોતાનો આશ્રમ બનાવ્યો અને ત્યાં પોતાની જ્ઞાતિના કેટલાક સ્વજનોને લાવી રાખ્યા. કેટલાક સમય બાદ અડેલથી ચરણાટ આવીને રહેવા લાગ્યા.

## પત્રાવલંબનનું સર્જન

એક સમયે માતા તથા ભાઈ કેશવપુરી સાથે કાશીમાં આચાર્યચરણ દિવસો સુધી બ્રાહ્મણભોજન કરાવી રહ્યા હતા ત્યારે બ્રાહ્મણોને આચાર્યચરણનું ઘર જડે તે માટે શેઠ પુરુષોત્તમદાસજી અને કેશવપુરીની વિનંતીથી આચાર્યચરણના ઘર પર ધ્વજ લગાવવામાં આવ્યો. કેટલાક વિદ્વાનોએ કહ્યું કે આ તો કાશી વિજયનો ધ્વજ લગાવ્યો છે તેથી શાસ્ત્રાર્થ કરવા આવવા લાગ્યા.

આથી બ્રાહ્મણભોજનના કાર્યમાં વિઘ્ન થવા લાગ્યું. આ જોઈ આચાર્યચરણે માતા અને ભાઈને કહ્યું કે તમે અહીં બ્રાહ્મણભોજનનો કાર્યક્રમ ચાલુ રાખો, હું બીજે સ્થાને જઈ શાસ્ત્રાર્થ કરું છું. પંચગંગાઘાટ ઉપર ૨૭ દિવસ શાસ્ત્રાર્થ ચાલ્યો. આચાર્યચરણનો વિજય થયો. ત્યાર પછી પણ આચાર્યચરણ ઉપર વિદ્વાનોના પ્રશ્નોના પત્રો આવવા લાગ્યા. તેના ઉત્તરો આપવા આચાર્યચરણે પોતાના સિદ્ધાંતોના પત્રો લખી કાશીવિશ્વનાથના દ્વારે લગાવવા માંડ્યા જે પત્રો 'પત્રાવલંબન' નામના ગ્રંથથી સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. આ પ્રસંગથી કાશીમાં સંન્યાસી ઉપેન્દ્રાશ્રમ યતિ વગેરે વિદ્વાનો પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

ભૂતલયાત્રા આચાર્યચરણે ત્રણ વખત કરી. તેમાં સંવત ૧૫૪૮માં પ્રથમ ભૂતલયાત્રાનો પ્રારંભ કર્યો. સંવત ૧૫૫૫માં બીજી ભૂતલયાત્રાનો પ્રારંભ કર્યો અને સંવત ૧૫૬૧માં ત્રીજી ભૂતલયાત્રાનો પ્રારંભ કર્યો હતો. લગભગ છ છ વર્ષ એક એક યાત્રામાં લાગ્યાં હતાં. સંવત ૧૫૬૮ સુધીમાં ત્રણેય ભૂતલયાત્રાઓ પૂર્ણ થયેલી જણાય છે. યાત્રાના સમયમાં આચાર્યચરણે જે સ્થાનોમાં શ્રીમદ્ ભાગવતનાં પારાયણ કર્યાં તે સ્થાનો પ્રાય: ૮૪ બેઠકોના નામથી પ્રસિદ્ધ બન્યાં. આચાર્યચરણના અનેક શિષ્યો હતા, જેમાં ૮૪ વૈષ્ણવો એવા હતા કે જેનો આદર્શ બીજે મળવો દુર્લભ છે.

યવનોના ઉપદ્રવથી ભારતીય જનસમાજનું ધાર્મિક અને સામાજિક જીવન જ્યારે છિન્નભિન્ન થઈ રહ્યું હતું અને માયાવાદના અજ્ઞાનના ઘોર અંધકારમાં વિદ્વાનોની પણ મતિ

અટવાઈ રહી હતી; ત્યારે ભૂતલ ઉપર ત્રણ ત્રણ વખત પગે પરિભ્રમણ કરી પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી, જનસમાજ માટે સાકાર બ્રહ્મવાદની સ્થાપના કરી એ આચાર્યચરણની અનુપમ મહાનુભાવતા છે.

## સંન્યાસ અને તિરોધાન

પ્રભુએ આચાર્યચરણને પોતાનું કાર્ય પૂર્ણ કરી, જલદી નિજધામમાં આવવા માટે આજ્ઞા કરી. પણ પોતાનું કાર્ય બાકી રહેલું હોવાથી એ આજ્ઞા તરફ ધ્યાન આપ્યું નહીં, ત્યારે મધુવનમાં બીજી વાર આજ્ઞા કરી. એ આજ્ઞા પણ ન સ્વીકારાઈ ત્યારે પ્રભુએ ત્રીજી વખતે આજ્ઞા કરી. તેની ઉપેક્ષા આચાર્યચરણ ન કરી શક્યા. પોતાનું કાર્ય ભગવદિચ્છાથી પૂર્ણ થયું છે એમ માની સંન્યાસદીક્ષા લેવા માટે પત્ની પાસે રજા માગી. પત્નીએ ના પાડી ત્યારે એક દિવસ અડેલના ઘરમાં આગ લાગી. પત્નીએ આચાર્યચરણને ઘરની બહાર નીકળવાનું જણાવતાં, આચાર્યચરણે એ શબ્દોને સંન્યાસ માટેની રજા માની લીધી. સંવત ૧૫૮૭માં અડેલથી પ્રયાગમાં આવ્યા. નારાયણેન્દ્રતીર્થ સ્વામી પાસે આચાર્યચરણે સંન્યાસદીક્ષા લીધી અને કેટલાક દિવસોમાં આચાર્યચરણ કાશી પધાર્યા. કાશીમાં હનુમાન ઘાટ ઉપર એક માસ કરતાં અધિક સમય આચાર્યચરણ બિરાજ્યા. શ્રી ગોપીનાથજી, શ્રી ગુસાંઈજી અને કેટલાક શિષ્યો આચાર્યચરણનાં દર્શન માટે કાશી આવેલા; તેમણે પોતાના કર્તવ્યની આજ્ઞા કરવા આચાર્યચરણને વિનંતી કરી. તે સમયે આચાર્યચરણે વાક્સંન્યાસ (મૌન) ગ્રહણ કર્યો હતો. માટે

કેટલાક શ્લોક લખી પોતાનાં બાળકોને આપ્યા. જે શિક્ષા-શ્લોકના નામથી સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. સંવત ૧૫૮૭ના અષાઢ સુદ ૨ ઉપર ત્રીજના દિવસે ભગવાનના ચરણારવિંદમાંથી પ્રકટ થયેલ ગંગાની જળધારામાં આચાર્યચરણ લોકદષ્ટિથી અંતર્હિત થઈ ગયા. તે જ ક્ષણે ગંગાની ધારામાં જાજ્વલ્યમાન અગ્નિનો તેજસ્વી પુંજ પ્રકાશ થયો અને અંતરિક્ષમાં અંતર્ધ્યાન થઈ ગયા.

પુષ્ટિમાર્ગના પ્રસ્થાપક જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજીની ચરિત્રસુધાના જેવું સુમધુર સિદ્ધાંત-સ્વરૂપ અને સાહિત્યસુધા છે. તેનો પ્રારંભ પ્રમાણવિચારથી થાય છે.

# સિદ્ધાંત-સ્વરૂપ સાહિત્યસુધા

## પ્રમાણવિચાર

વેદ-ભગવદ્‌ગીતા બ્રહ્મસૂત્રનું સિદ્ધાંતપુરઃસર સ્વતંત્ર અર્થઘટન, એ સંપ્રદાયપ્રવર્તક આચાર્ય પરંપરાનું વૈશિષ્ટ્ય છે. પ્રમાણોનો આશ્રય કરીને જ સિદ્ધાંતોનું વિવેચન આચાર્યો કરે છે. પ્રમાણ તરીકે વેદ-ગીતા અને બ્રહ્મસૂત્ર, આ ત્રણેય ગ્રંથો સર્વસ્વીકૃત છે, પણ શ્રીવલ્લભાચાર્ય શ્રીમદ્ ભાગવતને ચતુર્થ પ્રમાણરૂપે સ્વીકારે છે.

વેદનાં વચનોમાં સંદેહ થતો હોય તો તે ભગવદ્‌ગીતાથી દૂર થશે. ભગવદ્‌ગીતામાં સંદેહ થાય તો બ્રહ્મસૂત્રોના વિચારથી નિવારી શકાય અને બ્રહ્મસૂત્રોમાં સંદેહ થાય તો તે શ્રીમદ્ ભાગવતથી દૂર થશે. આ રીતે સર્વોપરી પ્રમાણરૂપ શ્રીમદ્ ભાગવતને શ્રીવલ્લભાચાર્યજી સ્વીકારે છે. અને વધુમાં કહે છે કે

વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવત આચારથી જે કાંઈ અવિરુદ્ધ હોય તે સર્વ પ્રમાણ તરીકે સ્વીકાર્ય છે.

પ્રમાણને પ્રસ્થાનના નામથી ઓળખવામાં આવે છે. ત્રણ પ્રસ્થાન (પ્રમાણ) સ્વીકારે તે પ્રસ્થાનત્રયી કહેવાય. અને ચાર પ્રસ્થાન (પ્રમાણ) સ્વીકારે એ પ્રસ્થાન ચતુષ્ટયી કહેવાય.

પ્રસ્થાનનો અર્થ.

प्रस्थीयते अनेनं इति प्रस्थानम् ।

જેના દેખાડેલા માર્ગે ઈશ્વર પ્રત્યે, મુક્તિ પ્રત્યે, જ્ઞાન પ્રત્યે સુખથી જઈ શકાય એનું નામ પ્રસ્થાન. શ્રીમદ્ ભાગવતને પ્રસ્થાન તરીકે ન સ્વીકારવામાં કોઈ કારણ ન હોવાથી શ્રીવલ્લભાચાર્ય ભાગવતને પ્રસ્થાન તરીકે સ્વીકારે છે.

આચારશાસ્ત્ર અને વિચારશાસ્ત્ર, આ રીતે વિચારીએ તો પુષ્ટિમાર્ગ એ આચારધર્મ અને શુદ્ધાદ્વૈત (બ્રહ્મવાદ) એને વિચારધર્મ કહી શકાય.

શ્રી શંકરાચાર્યજીના સિદ્ધાંતને કેવલાદ્વૈત

શ્રી રામાનુજાચાર્યજીના સિદ્ધાંતને વિશિષ્ટાદ્વૈત

શ્રી માધ્વાચાર્યજીના સિદ્ધાંતને દ્વૈત

શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતને શુદ્ધાદ્વૈત નામથી ઓળખવામાં આવે છે.

## અદ્વૈતનો અર્થ

વ્યાકરણની દષ્ટિએ ज्ञ ધાતુનો અર્થ ગતિ અને જ્ઞાન થાય. એના પરથી ज्ञ બન્યું. એનો અર્થ જાણેલું. દ્વિ એટલે બે પ્રકારે ज्ञ એટલે જાણેલું તે દ્વૈત.

નામ અને રૂપ
ઈશ અને જીવ
કાર્ય અને કારણ

આમ બે પ્રકારે જાણેલું તેનું નામ દ્વૈત. આ બેને ઐક્યથી જાણેલું એનું નામ અદ્વૈત. નામ-રૂપ, ઈશ-જીવ કે કાર્ય-કારણના ભેદ એક જ બ્રહ્મનાં સ્વરૂપ છે. માયા સંબંધરહિત છે. એ અદ્વૈતજ્ઞાનને શુદ્ધાદ્વૈત કહેવામાં આવે છે.

**બ્રહ્મતત્ત્વ**

શ્રુતિ અને સૂત્રોમાં પરમતત્ત્વને બ્રહ્મ શબ્દથી ઓળખાવે છે; ભગવદ્‌ગીતામાં એ જ તત્ત્વને પરમાત્માના નામથી ઓળખાવે છે; અને શ્રીમદ્ ભાગવતમાં એ જ પરમતત્ત્વને ભગવાન શબ્દથી વર્ણવે છે. બ્રહ્મ - પરમાત્મા અને ભગવાન એ એક જ પરમતત્ત્વનાં નામ છે. બ્રહ્મ માયાને આધીન નથી પણ માયા બ્રહ્મને આધીન રહે છે. બ્રહ્મ લૌકિક પ્રાકૃત આકારરહિત છે પણ સાકાર આનંદના આકારવાળું રસાકાર, આનંદરૂપ રસરૂપ છે. જેમ એક સાકરની પૂતળી, તેના હાથપગ વગેરે બધાં જ અંગ સાકરનાં જ બનેલાં હોય છે તેમ બ્રહ્મનું સ્વરૂપ આનંદરૂપ જ છે. બ્રહ્મમાં આરોપિત કલ્પિત ગુણધર્મો જણાય છે એમ નથી. કિંતુ બ્રહ્મના બધા જ ધર્મો નિત્ય - સહજ - સ્વાભાવિક અપ્રાકૃત છે. જગત, જીવ વગેરે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલાં અને બ્રહ્મ કરતાં જુદાં નથી. અનેકવિધ લીલાઓ કોઈ પણ કારણ વિના બ્રહ્મ કરે છે. એ લીલાઓ પણ બ્રહ્મ કરતાં જુદી નથી. પરમ આનંદ સ્વરૂપ છે.

મનુષ્યનું શરીર પંચમહાભૂત(પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ)નું બનેલું છે અથવા ત્રણ ગુણ સત્ત્વ, રજસ્, તમસ્‌નું બનેલું છે. બ્રહ્મનું સ્વરૂપ પંચમહાભૂત કે ત્રણ ગુણનું બનેલું નથી, પરંતુ બ્રહ્મનાં બધાં જ અંગ આનંદમય છે. સ્વતંત્ર, સર્વવ્યાપી સ્વતંત્ર અને લૌકિક ગુણરહિત બ્રહ્મ છે. આવું અનુપમ અગાધ માહાત્મ્ય બ્રહ્મનું છે.

### અક્ષરબ્રહ્મ

ભારતીય તત્ત્વચિંતનમાં દરેકનાં આધિભૌતિક - આધ્યાત્મિક અને આધિદૈવિક આમ ત્રણ ત્રણ.સ્વરૂપ સ્વીકારવામાં આવે છે. બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મ છે. તે આનંદમય બ્રહ્મનું આધારરૂપ ચરણરૂપ છે. એના અક્ષરરૂપ, કાલરૂપ, કર્મરૂપ અને સ્વભાવરૂપ એવાં ચાર સ્વરૂપો છે.

આધિદૈવિક બ્રહ્મ પૂર્ણ, સત્-ચિત્-આનંદરૂપ છે, જ્યારે અક્ષરબ્રહ્મમાં આનંદાંશનો કાંઈક તિરોભાવ થયેલો છે. જ્ઞાન દ્વારા જેઓ મુક્તિ પ્રાપ્ત કરે છે તેમનો લય અક્ષરબ્રહ્મમાં થાય છે. જ્ઞાનીજનો અક્ષરબ્રહ્મને પરમફલરૂપે સ્વીકારે છે અને ભક્તજનો અક્ષરબ્રહ્મને પ્રભુના - પુરુષોત્તમના ધામરૂપે સ્વીકારે છે.

### જીવ

હું એક છું, અનેક રૂપે પ્રકટ થાઉં, એમ રમણ કરવાની ભગવાને ઇચ્છા કરી; પોતાનો પૂર્ણ આનંદ ઓછો કરી, જીવસ્વરૂપ ધારણ કરી ભગવાન ક્રીડા કરે છે. જીવ પ્રભુનો અંશ છે.

જાજવલ્યમાન અગ્નિમાંથી અનેક તણખા બહાર આવે છે તેમ

સચ્ચિદાનંદ બ્રહ્મમાંથી સાકાર-સૂક્ષ્મ પરિચ્છિન્ન - ચિત્પ્રધાન અસંખ્ય અંશ પ્રકટ થયા. તે સર્વ જીવ ભગવદ્રૂપ હોવા છતાં જુદા જુદા ભાવભેદથી જીવ નિરાકાર બન્યા. જીવના બ્રહ્મના ધર્મો જે હતા તે ભગવદ્ઈચ્છાથી તિરોધાન પામ્યા. જીવમાં આનંદનો અંશ તિરોધાન થતાં બ્રહ્મના ઐશ્વર્ય વગેરે છ ધર્મો પણ અદશ્ય બન્યા.

ઐશ્વર્ય ધર્મ તિરોધાન થતાં જીવને પરાધીનત્વ આવ્યું.

વીર્ય ધર્મ તિરોધાન થતાં જીવને સર્વ દુઃખ સહનત્વ આવ્યું.

યશ ધર્મ તિરોધાન થતાં જીવને હીનત્વ ભાવ આવ્યો.

શ્રી ધર્મ તિરોધાન થતાં જીવને જન્મ વગેરે 'આપત્તિ આવી.

જ્ઞાન ધર્મ તિરોધાન થતાં જીવને અહંકાર અને વિપરીત જ્ઞાન આવ્યું.

વૈરાગ્ય ધર્મ તિરોધાન થતાં જીવને વિષયોની આસક્તિ આવી.

આમ ભગવદ્ધર્મોનું તિરોધાન થતાં જીવને અવિદ્યાનો સંગ થાય છે. અને જીવને બંધ વગેરે થાય છે.

## જગત

બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ જગત છે. બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલું અને બ્રહ્મે બનાવેલું જગત બ્રહ્મની જેમ સત્ય છે. જેમ કરોળિયો પોતાના સ્વરૂપમાંથી તાર નિર્માણ કરી જાળું ગૂંથે છે તેમ પ્રભુએ જગતનું નિર્માણ કરેલું છે. બ્રહ્મથી જગતની ઉત્પત્તિ, રક્ષણ અને બ્રહ્મમાં તેનો લય થાય છે.

શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતે બ્રહ્મ સત્ય છે, જગત સત્ય છે.

સંસાર જગત કરતાં જુદો છે. માયાએ ઊભો કરેલો સંસાર અહંતા-મમતારૂપ છે. હું અને મારું આ જ્ઞાન ભ્રમરૂપ મિથ્યા છે. તેથી સંસાર મિથ્યા છે. સંસાર સુખદુઃખથી બનેલો છે. અવિદ્યાનો નાશ થાય ત્યારે સંસારથી મુક્તિ મળે છે.

સંસારનો નાશ પ્રભુની, તનુની અને વિત્તની સેવાથી થાય છે. હું પ્રભુનો દાસ છું, આ ભાવથી સેવા કરતાં અહંતાનો નાશ થાય છે. મારી પાસે જે કાંઈ છે તે મારું નથી પણ પ્રભુનું છે, અને પ્રભુની સેવા માટે છે. આ ભાવથી વિત્તની સેવા કરતાં મમતાનો નાશ થાય છે. આમ સંસારનો નાશ થયા પછી જગત તેવું ને તેવું જ રહે છે. તે જગત સત્ય છે.

## મંદિર – નન્દાલય – બેઠકજી

પુષ્ટિમાર્ગમાં મંદિર નથી પણ નન્દાલયની ભાવના છે. શ્રી નન્દરાયજીને ત્યાં પ્રભુ બિરાજતા હતા તે ભાવથી પ્રભુનાં મંદિર પુષ્ટિમાર્ગમાં છે. શ્રીનાથજીનું મંદિર પુષ્ટિમાર્ગમાં છે. આ એક જ શિખર-ધ્વજ-કળશવાળું મંદિર છે. અને પુષ્ટિમાર્ગમાં અન્ય મંદિરો નન્દાલય ભાવથી નિર્માણ થયાં છે. વૈષ્ણવો, ગોપીજનો વ્રજજનોના ભાવથી સેવા-દર્શન કરવા આવે છે.

## બેઠકજી

શ્રીવલ્લભાચાર્યજીએ જ્યાં જ્યાં શ્રીમદ્ ભાગવતનાં પારાયણ કર્યાં એવી મુખ્ય ચોર્યાસી બેઠકજી છે. બેઠકજીમાં વૈષ્ણવો પણ અપરસમાં સ્નાન કરી સેવા કરી શકે છે. બેઠકજીમાં ગાદી-તકિયા ઉપર ભાવનાથી ધોતી, ઉપરણાં, શૃંગાર ધરાવવામાં આવે છે.

## સેવા-ભાવના

ચિત્તનો પ્રવાહ ભગવત્કાર્યમાં સદા વહેતો રહે એનું નામ સેવા. કૃષ્ણ એટલે સદાનંદ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની સેવા કરવી. મનની અનુરાગવૃત્તિ સંસારમાં ન લાગી રહેતાં પ્રભુમાં સદા જોડાયેલી રહે એ અનુરાગની સફળતા છે.

ભગવાન જ ઉત્તમ વસ્તુઓના ભોક્તા છે. જગતના ભોગ્ય પદાર્થો પ્રભુને સમર્પણ કરી ભગવત્પ્રસાદીથી જીવનયાપન કરવું એ જીવનની સફળતા છે.

કલાદષ્ટિ અને સૌંદયવૃત્તિનો સકલ કલા નિધાન ભગવત્સ્વરૂપની સેવામાં વિનિયોગ કરવાથી કલા સફળ બને છે.

ચિત્ત સંપૂર્ણ ભગવન્મય બની જાય એ માનસી સેવા છે, માનસી સેવા સિદ્ધ કરવા શરીરથી પણ ભગવત્સેવા કરીએ એ તનુની સેવા છે, તનુની સેવાથી શરીર વિશુદ્ધ બને છે, અને અહંતા નામના દોષનો નાશ થાય છે.

ભગવત્સેવામાં ધનનો વિનિયોગ કરવાથી વિત્તની સેવા સિદ્ધ થાય છે. વિત્તની સેવાથી ધન શુદ્ધ બને છે અને મમતા નામના દોષનો નાશ થાય છે.

પૂજા એ મર્યાદામાર્ગીય ભક્તિમાં છે, વિધિપ્રધાન પૂજા છે. સ્નેહપૂર્ણ વિશુદ્ધ ભાવપ્રધાન સેવા છે, સેવા પ્રભુના સુખના વિચારપૂર્વક કરવામાં આવે છે. કામના અને યાચનાપૂર્વક પૂજા કરવામાં આવે છે. સેવામાં કેવળ નિષ્કામ ભાવ છે. વેદમાર્ગથી વિલક્ષણ છતાં વેદશાસ્ત્ર સંમત એવો પ્રભુસેવાનો માર્ગ નિરૂપણ કરેલો છે. સંપ્રદાયમાં નંદનંદન યશોદોત્સંગ લાલિત બાલભાવથી પ્રભુની સેવા કરવામાં આવે છે. સેવામાર્ગ સરળ છે. કોઈ પણ

વ્યક્તિ પોતાને ત્યાં સેવા કરી શકે છે. સેવામાં બહારની અને હૃદયની શુદ્ધિ શક્ય એટલી જાળવવી. વપરાયેલી વસ્તુ પ્રભુની સેવામાં ન વાપરવી. પ્રભુને તો ઉત્તમમાં ઉત્તમ હોય તે જ અર્પણ કરવું. પ્રભુને અર્પણ કરેલી જ વસ્તુઓ પોતાના ઉપયોગમાં લેવી, બને ત્યાં સુધી જે પ્રભુને અર્પણ ન કરી શકાય એવી વસ્તુનો ઉપયોગ ન કરવો.

સેવાના ક્રમમાં અષ્ટયામ સેવાક્રમ છે. તેમાં મંગલા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા અને શયનનો ક્રમ હોય છે.

## મંગલાદર્શન

ઋતુ અનુસાર શીતકાળમાં સવારના વહેલાં અને ઉષ્ણકાળમાં સહેજ મોડાં દર્શન થાય. મંગળા ભોગમાં પ્રાયઃ દૂધ-માખણ, મિશ્રી (સાકર), ફળ વગેરે આવે છે. મંગળાનાં દર્શન શ્રી નવનીતપ્રિયાજીના ભાવથી થાય છે. મંગળાના કીર્તનકાર તરીકે શ્રી પરમાનંદદાસને સ્વીકારવામાં આવે છે.

## શૃંગારદર્શન

મંગલાનાં દર્શન પછી શૃંગારનાં દર્શન થાય છે. ઋતુકાળને અનુસરીને પ્રભુને જુદાં જુદાં વસ્ત્ર-શૃંગાર ધરવામાં આવે છે. પ્રભુને વેણુ ધરવામાં આવે છે. ભોગમાં જુદા જુદા મેવા વગેરે આવે છે. દર્પણ દેખાડવામાં આવે છે. આ દર્શન શ્રી ગોકુલચંદ્રમાજીના ભાવથી થાય છે. આ સમયના કીર્તનકાર શ્રી નન્દદાસજી માનવામાં આવે છે.

## ગ્વાલદર્શન

પ્રભુ ગોવાળ બાળકો સાથે રમવા પધારે ત્યારે શ્રી ગોપીજનો દ્વારા સમર્પિત ગોપીવલ્લભ ભોગ આવે છે. ધૂપદીપ આવે છે, ભોગમાં બાટી-દૂધ-ખીર વગેરે હોય છે. શ્રી દ્વારકાનાથજીના ભાવથી આ દર્શન થાય છે. આ સમયના કીર્તનકાર શ્રી ગોવિંદસ્વામી માનવામાં આવે છે.

## રાજભોગ દર્શન

પ્રભુ શીતકાળમાં નન્દાલયમાં અને અન્ય ઋતુઓમાં વનમાં રાજભોગ આરોગે છે. ભોગમાં જુદાં જુદાં પકવાન્ન સખડી-અનસખડી,દાળ, ભાત, લાડુ, ભજિયાં વગેરે બધી જાતના ભોગ ધરવામાં આવે છે. ખંડપાટ - બિછાના વેણુ, વેત્ર વગેરે આવે છે. દર્પણ બતાવવામાં આવે છે. આ દર્શન શ્રીનાથજીના ભાવથી થાય છે. આ સમયના કીર્તનકાર શ્રી કુંભવનદાસજી માનવામાં આવે છે.

રાજભોગ પછી પ્રભુ વિશ્રામ કરે છે. મધ્યાહ્નનો સમય પૂરો થતાં શંખ-ઘંટાના નાદથી પ્રભુને જગાડવામાં આવે છે.

## ઉત્થાપન દર્શન

શંખનાદ-ઘંટનાદ પછી પ્રભુનાં દર્શન થાય. જુદાં જુદાં ફળ, શાક, દૂધ પકવાન્નનો ભોગ ધરવામાં આવે છે. શ્રી મથુરેશજીના ભાવથી આ દર્શન થાય છે. આ સમયના કીર્તનકાર શ્રી સુરદાસજી માનવામાં આવે છે.

## ભોગદર્શન

ઉત્થાપન પછી સાયંકાળે ભોગનાં દર્શન થાય છે. ભોગફળ વધુ પ્રમાણમાં આવે છે. શ્રી ગોકુલનાથજીના ભાવથી આ દર્શન થાય છે. આ સમયના કીર્તનકાર શ્રી ચત્રભુજદાસજી માનવામાં આવે છે.

## સંધ્યાદર્શન-આરતી

ભોગદર્શન પછી સંધ્યા સમયે આરતી થાય છે. આ દર્શન શ્રી વિઠ્ઠલનાથજીના ભાવથી થાય છે. આ સમયના કીર્તનકાર શ્રી છીતસ્વામી માનવામાં આવે છે.

## શયન-દર્શન

પ્રાયઃ શૃંગાર શયનમાં રહે નહીં. શયનભોગ આવે. શયનમાં પ્રભુ પાન આરોગે. શ્રી મદનમોહનજીના ભાવથી આ દર્શન થાય છે. આ સમયના કીર્તનકાર શ્રી કૃષ્ણદાસજી માનવામાં આવે છે.

વૈષ્ણવો સ્વરૂપસેવા અને ચિત્રસેવા પોતાને ત્યાં શ્રીવલ્લભાચાર્યજીના વંશજો દ્વારા સેવ્ય કરાવી પધરાવી શકે છે. સંપૂર્ણ સેવાક્રમથી અથવા તો સવારમાં દૂધ, મિશ્રી વગેરે પ્રભુને ધરાવી વૈષ્ણવ પોતાને ત્યાં સેવા કરી શકે છે.

## સેવા-અધિકાર

ભગવત્સેવા એ માનવજીવનનું સર્વોત્તમ ધ્યેય છે. બ્રહ્મસંબંધથી ભગવત્સેવાને યોગ્ય થઈ શકાય છે. પુષ્ટિમાર્ગમાં બે પ્રકારની દીક્ષા આપવામાં આવે છે : (૧) નામદીક્ષા

(શરણદીક્ષા) અને (૨) આત્મનિવેદન (બ્રહ્મસંબંધ).

શ્રી વલ્લભવંશજો દ્વારા શરણાગત જીવ श्री कृष्णः शरणं मम આ અષ્ટાક્ષર મંત્ર પ્રાપ્ત કરે અને તુલસીની માળા કંઠમાં ધારણ કરે. આ નામદીક્ષા અથવા શરણદીક્ષા છે. આ અષ્ટાક્ષર મંત્રનું સતત સ્મરણ કરવાથી ચિત્ત વિશુદ્ધ થાય છે.

## બ્રહ્મસંબંધ

જીવ ભગવાનનો અંશ છે. પણ જીવમાં રહેલા ભગવાનના ધર્મ (ગુણ) તિરોહિત થયા. તેથી જીવને ભગવત્સેવા માટે પોતાનું સર્જન છે, એનું વિસ્મરણ થયું. અને અજ્ઞાનપરવશ જગતના પદાર્થ અને વ્યક્તિઓનો પોતે માલિક છે એમ માનવા લાગ્યો તેથી જીવસ્વભાવ દૂષિત બન્યો.

શ્રીવલ્લભાચાર્યજી સદા ચિંતિત રહેતા હતા કે સ્વભાવથી દુષ્ટ જીવનો પૂર્ણ નિર્દોષ પ્રભુ અંગીકાર કેમ કરે ? ત્યારે એક વખત ગોકુલમાં શ્રીયમુનાજીના ઠકરાણી ઘાટે શ્રાવણ સુદ અગિયારસના રાત્રિના મહાપ્રભુજી સૂતા હતા ત્યારે સાક્ષાત્ પ્રભુએ પ્રકટ થઈ જીવને બ્રહ્મસંબંધ કરાવવાની મહાપ્રભુજીને આજ્ઞા કરી. બ્રહ્મસંબંધ દ્વારા દેહ અને જીવના સમસ્ત દોષ નિવૃત્ત થાય છે.

આ દીક્ષા લેતાં પહેલાં શ્રીવલ્લભાચાર્યજીના વંશજની આજ્ઞા લઈ વ્રત (ઉપવાસ) એક દિવસ કરી બીજા દિવસે સવારમાં અપરસમાં સ્નાન કરી, કોરાં વસ્ત્ર પહેરી પ્રભુ સન્મુખ હાથમાં તુલસીદલ લઈ ઊભા રહી શ્રી વલ્લભવંશજ ગુરુ દ્વારા ગદ્યમંત્રનું સ્મરણ કરી તુલસીદલ પ્રભુના ચરણે સમર્પણ કરતાં આત્મનિવેદન સિદ્ધ થાય છે. બ્રહ્મસંબંધનો મંત્ર ગદ્યમાં હોવાથી

તેને ગદ્યમંત્ર પણ કહેવામાં આવે છે. એનો ભાવાર્થ -

ભગવાન શ્રીકૃષ્ણથી છૂટા પડ્યે હજારો વર્ષોનો સમય પસાર થવાથી ભગવાનની પ્રાપ્તિ માટે હૃદયમાં વિરહ-તાપ-સંતાપ જેનામાં તિરોધાન થઈ ગયો છે એવો હું ભગવાન કૃષ્ણને ગોપીજનવલ્લભને સ્ત્રી-પુત્ર-ઘર-કુટુંબીઓ-ધન, આ લોક અને પરલોક, તથા દેહ-ઈન્દ્રિયો-પ્રાણ-મન-બુદ્ધિ અને તેના ધર્મો જીવાત્મા સહિત હું અર્પણ કરું છું. નિવેદન કરું છું, હે કૃષ્ણ! હું તમારો દાસ છું.

આનું તાત્પર્ય એ છે કે હું પોતે તથા મારું પોતાનું જે કાંઈ હોય તે બધું, મારું માનેલું, સ્વીકારેલું, મારું મેળવેલું, સર્જેલું, મારા સંબંધવાળું એટલે જગતમાં - સંસારમાં જ્યાં જ્યાં મારો સંબંધ હોય તે સર્વ પ્રભુને ગુરુને સાક્ષી રાખી સમર્પણ કરવું. દરેક વસ્તુ ઉપરથી અહં-મમની ભાવના દૂર કરી પ્રભુને સોંપી દેવી, પછી મારે તો હે કૃષ્ણ ! હું તમારો દાસ છું એમ સ્વીકારીને વર્તવું એનું નામ બ્રહ્મસંબંધ. આ ભાવ વાણીમાં નહીં પણ વર્તનમાં મુકાય ત્યારે પ્રભુની સાથે સંબંધ સિદ્ધ થયો કહેવાય.

## સેવાના પ્રતિબંધક

ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ આ ત્રણ પ્રભુસેવામાં અવરોધ કરે છે, અને જીવને ભગવત્સેવાથી વિમુખ કરે છે તેથી તેને દૂર કરવા જોઈએ.

ઉદ્વેગ એ મનનું કારણ છે. મનની ચંચળતામાંથી ઉદ્વેગ ઉત્પન્ન થાય છે. ઉદ્વેગવાળું મન પ્રભુમાં ન લાગે, તેથી ઉદ્વેગવાળા મનથી કરેલી સેવા એ કેવળ ક્રિયા છે, તેમાં

રસાનુભવ નથી. ભગવદ્ભાવના ચિંતનથી ચિત્ત પ્રસન્ન રાખવું અને ઉદ્વેગને દૂર કરવો.

સેવાથી વિરુદ્ધ વિષયોમાં શરીર અને ઇન્દ્રિયોનું પ્રવૃત્ત થવું એ પ્રતિબંધ છે. પ્રતિબંધ જીવકૃત અને ઈશ્વરકૃત એમ બે પ્રકારના છે. જીવકૃત પ્રતિબંધ એટલે ભગવત્સેવા કરતાં અન્ય કાર્ય આવી પડે તો તે કાર્યોને બુદ્ધિ દ્વારા નિવારી શકાય. પણ જ્યારે જીવ સર્વ પ્રયત્નો કરવા છતાં સેવામાં પ્રવૃત્ત ન થઈ શકે તો તે પ્રતિબંધ ઈશ્વરકૃત છે. અને એ જીવ પાસે પ્રભુ સેવા કરાવવા ઇચ્છતા નથી. ત્યારે ભગવત્સેવાથી વિમુખ પોતાના હીનભાગ્યના સંતાપપૂર્વક પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું પરિશીલન કરવું, ચિંતન કરવું, સંતોષ માનવો.

ભોગ પણ બે પ્રકારના છે: લૌકિક ભોગ અને અલૌકિક ભોગ. આમાં લૌકિક ભોગ શરીર અને ઇન્દ્રિયો સાથે જોડાયેલા છે. આ ભોગમાં મન લાગેલું હોય ત્યાં સુધી પ્રભુમાં મન લાગે નહીં, માટે લૌકિક ભોગની સ્પૃહા છોડવી જોઈએ. અલૌકિક ભોગ સેવામાં ઉપયોગી છે. ઉત્તમમાં ઉત્તમ પદાર્થ ભગવત્સેવામાં સમર્પિત કરતાં અલૌકિક ભોગ સિદ્ધ થાય છે.

## સેવાફળ

ભગવત્સેવા સિદ્ધ થતાં પ્રાપ્ત થતો સ્વરૂપાનંદનો અનુભવ એ અલૌકિક સામર્થ્યરૂપ એક ફળ છે. સાયુજ્ય પ્રાપ્ત થયેલ ભક્તોને પ્રભુ પોતાના હૃદયથી પ્રકટ કરી એ ભક્તો સાથેનો લીલાનુભવ એ સાયુજ્યવાળું બીજું સેવાફળ છે. ભગવત્સેવામાં ઉપયોગી બને એવો જડ-ચેતન કોઈ પણ દેહની પ્રાપ્તિ એ

સેવોપયોગી દેહ એ ત્રીજું સેવાફળ છે, આમ શ્રીમહાપ્રભુજીએ ભગવત્સેવાથી પ્રાપ્ત થતાં ત્રણ ફળનું નિરૂપણ કરેલ છે.

પુષ્ટિમાર્ગને ભક્તિમાર્ગ પણ કહે છે. ભક્તિ શબ્દમાં ભજ ધાતુ છે એને ક્તિન્ પ્રત્યય લાગે છે. અને વ્યાકરણના નિયમથી ભક્તિ શબ્દ બને છે. અહીં ભજ ધાતુનો અર્થ સેવા છે અને ક્તિન્ પ્રત્યયનો અર્થ પ્રેમ છે. પ્રેમપૂર્વકની સેવા એ ભક્તિ શબ્દનો અર્થ છે.

સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિમાર્ગ એવા બે મુખ્ય ભક્તિમાર્ગના ભેદ છે. સગુણ ભક્તિમાર્ગ ઉપાસનાપ્રધાન હોવાથી એને મર્યાદાભક્તિ પણ કહેવામાં આવે છે. સગુણ ભક્તિથી લૌકિક ફળ કે મુક્તિ મળી શકે છે.

નિર્ગુણ ભક્તિમાર્ગ વેદસંમત હોવા છતાં સ્વતંત્ર છે. નિર્ગુણ ભક્તિમાર્ગ લૌકિક ફલાકાંક્ષા અને મોક્ષની પણ આકાંક્ષારહિત નિઃસ્વાર્થ સ્નેહપૂર્વક સેવ્ય ભગવત્સેવાથી જ ચરિતાર્થ થાય છે. આને જ કેટલાક પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ કહે છે.

## પુષ્ટિ

પુષ્ટિમાર્ગમાં પુષ્ટિનો અર્થ પોષણ – અનુગ્રહ, પ્રભુની કૃપા થાય છે, પ્રભુની કૃપા પ્રાપ્ત કરવાનો માર્ગ પુષ્ટિમાર્ગ છે.

વેદ કહે છે કે, ''ભગવાન સાધનોથી મેળવી શકાતા નથી પણ ભગવાન જે જીવનું વરણ કરે છે તે જ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. કોઈની પણ સાધનસંપત્તિથી ભગવાન પ્રસન્ન થતા નથી પણ ભક્તોના કેવલ દૈન્યભાવથી પ્રભુ પ્રસન્ન થાય છે. કવિવર દયારામભાઈ વર્ણન કરે છે કે 'દીનતાના પાત્રમાં મનમોતી મૂકી'

પ્રભુને અર્પણ કરતાં પ્રભુ પ્રસન્ન થાય છે.

દરેક સંપ્રદાયમાં ગુરુપરંપરા હોય છે. તેમ શુદ્ધાદ્વૈત સંપ્રદાયમાં પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભાચાર્યજીના વંશજો દ્વારા ગુરુપરંપરા શરણ મંત્રની અને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષાના પ્રદાન દ્વારા પ્રવૃત્ત છે.

## શ્રીવલ્લભની વંશપરંપરા

શ્રીવલ્લભાચાર્યજીને બે પુત્ર હતા. મોટા પુત્રનું નામ શ્રી ગોપીનાથજી અને નાના પુત્રનું નામ શ્રી વિઠ્ઠલનાથજી હતું. શ્રીવલ્લભાચાર્યજી પછી આચાર્યપીઠે શ્રી ગોપીનાથજી બિરાજ્યા. તેમના પછી તેમના પુત્ર શ્રી પુરુષોત્તમજી આવ્યા પણ તેઓએ નાની ઉંમરમાં ભૂતલ ત્યાગ કરતાં અને તેમને સંતાન ન હોવાના કારણે શ્રીવલ્લભાચાર્યજીના બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ આચાર્યપદે બિરાજી સંપ્રદાય અને સેવાપ્રણાલિકા અને સાહિત્યનો ખૂબ જ વિકાસ કર્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજીને સાત પુત્ર હતા.

શ્રી ગિરિધરજી, શ્રી ગોવિંદજી, શ્રી બાલકૃષ્ણજી, શ્રી ગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી અને શ્રી ઘનશ્યામલાલજી અને ચાર કન્યાઓ હતી : શ્રી શોભાજી, શ્રી યમુનાજી, શ્રી કમલાજી, શ્રી દેવિકાજી. શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજીના નામથી પ્રસિદ્ધ છે. શ્રી ગુસાંઈજીએ પોતાનાં સાત બાળકોને ભગવાનનાં સ્વરૂપ પધરાવી આપ્યાં એ સાતપીઠના નામથી પુષ્ટિસંપ્રદાયમાં ઓળખાય છે.

## શ્રી ગિરિધરજી

શ્રી ગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રી ગિરિધરજી ખૂબ જ સાત્ત્વિક પ્રકૃતિના હતા. સર્વ શાસ્ત્રોમાં તેઓ પારંગત હતા.

## શ્રી ગોવિંદરાયજી

શ્રી ગોવિંદરાયજી એ શ્રી ગુસાંઈજીના બીજા પુત્ર છે. વ્યાકરણશાસ્ત્રમાં પારંગત હતા. તેઓને શ્રી ભગવત્સેવામાં ખૂબ જ આસક્તિ હતી.

## શ્રી બાલકૃષ્ણલાલજી

શ્રી બાલકૃષ્ણલાલજી શ્રી ગુસાંઈજીના ત્રીજા બાળક હતા. સકલ વેદમાં પારંગત શ્રી બાલકૃષ્ણલાલજી હતા. કમળપત્ર જેવાં મનોહર તેમનાં નેત્ર હતાં. નિત્ય યશોદાજીના સ્વરૂપે પ્રભુને પલને ઝુલાવતા. એમના હૃદયમાંથી વાત્સલ્યનાં અમૃત વહેતાં હતાં.

## શ્રી ગોકુલનાથજી

શ્રી ગોકુલનાથજી શ્રી ગુસાંઈજીના ચોથા પુત્ર હતા. શ્રી ગોકુલનાથજીનું જ્ઞાન અગાધ હતું. ચિદ્રુપ નામના એક સંન્યાસીના કહેવાથી મોગલ બાદશાહ જહાંગીરે માળા-તિલક ઉપર પ્રતિબંધ મૂક્યો ત્યારે માળા-તિલકના રક્ષણ કરનાર શ્રી ગોકુલનાથજી હતા.

## શ્રી રઘુનાથજી

શ્રી રઘુનાથજી શ્રી ગુસાંઈજીના પાંચમા લાલજી છે. સર્વ પુરાણો અને ઉપપુરાણોનું અગાધ જ્ઞાન શ્રી રઘુનાથજીને હતું.

શ્રી રઘુનાથજીએ શ્રી તુલસીદાસજીને સીતારામના સ્વરૂપે અલૌકિક દર્શન આપ્યાં હતાં.

## શ્રી યદુનાથજી

શ્રી યદુનાથજી શ્રી ગુસાંઈજીના છઠ્ઠા પુત્ર હતા. આયુર્વેદ અને સાંખ્યશાસ્ત્રમાં શ્રી યદુનાથજીની વિદ્વત્તા અનુપમ હતી. સાદાઈથી રહેતા હતા. સદા ભગવત્સેવાપરાયણ રહેતા હતા.

## શ્રી ઘનશ્યામલાલજી

શ્રી ઘનશ્યામલાલજી શ્રી ગુસાંઈજીના સાતમા પુત્ર છે. સર્વ શાસ્ત્રોના વિદ્વાન શ્રી ઘનશ્યામલાલજી હતા. રાતદિન ભગવત્સેવામાં સમય વ્યતીત કરતા, ભગવદ્‌વિરહ એમને અસહ્ય બની જતો હતો.

આજે શ્રીમહાપ્રભુજીથી પંદર, સોળ કે સત્તરમી પેઢીના વંશજો ભૂતલ ઉપર બિરાજે છે. શ્રીવલ્લભાચાર્યજીના વંશજોમાં અનેક પ્રતાપી, અનેક શાસ્ત્રોના પારંગત, ભગવત્સેવાપરાયણ, અનેક ગ્રંથોના રૂપે સાહિત્યના સર્જક આચાર્યો થઈ ગયા અને આજે પણ અનેક એવા જ પ્રતાપી શ્રીવલ્લભવંશજ આચાર્યો બિરાજી રહ્યા છે.

## સાતપીઠ

શ્રીનાથજી અને શ્રી ગુસાંઈજી પાસે બિરાજતાં શ્રીનવનીતપ્રિયાજીનું સ્વરૂપ એ મુખ્ય છે. શ્રીનાથજીની સેવાનો અધિકાર શ્રીવલ્લભકુળના સર્વ વંશજોને છે. આ બંને સ્વરૂપ નાથદ્વારામાં બિરાજે છે. સાતપીઠના પ્રથમ આચાર્ય એમાં નિત્ય બિરાજતું ભગવત્સ્વરૂપ અને સ્થાન અને ક્રમ નીચે પ્રમાણે છે:

| પીઠ આચાર્ય | ભગવત્સ્વરૂપ | સ્થળ |
|---|---|---|
| ૧. શ્રી ગિરિધરજી | શ્રી મથુરેશજી | કોટા |
| ૨. શ્રી ગોવિંદરાયજી | શ્રી વિઠ્ઠલનાથજી | નાથદ્વારા |
| ૩. શ્રી બાલકૃષ્ણજી | શ્રી દ્વારકાધીશજી | કાંકરોલી |
| ૪. શ્રી ગોકુલનાથજી | શ્રી ગોકુલનાથજી | ગોકુલ |
| ૫. શ્રી રઘુનાથજી | શ્રી ગોકુલચંદ્રમાજી | કામવન |
| ૬. શ્રી યદુનાથજી | શ્રી મુકુન્દરાયજી | કાશી |
| | શ્રી કલ્યાણરાયજી | વડોદરા |
| | શ્રી બાલકૃષ્ણલાલજી | સુરત |
| ૭. શ્રી ઘનશ્યામલાલજી | શ્રી મદનમોહનજી | કામવન |

## ભગવત્સ્વરૂપ દર્શન

શ્રી ગોવર્ધનનાથજી એ નામમાંથી શ્રીનાથજી નામ છે. શ્રીનાથજી એટલે સદાનંદ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ. આ પ્રભુનું સ્વરૂપ વિક્રમના પંદરમા સૈકામાં કલિકાલના જીવાત્માઓ ઉપર કરુણા કરી શ્રી ગિરિરાજમાંથી પોતાની ઈચ્છાથી પ્રકટ થયું છે. ગિરિરાજ ઉપર જ્યાં આ સ્વરૂપનાં ઊર્ધ્વ ભુજાનાં દર્શન શિલા

નીચે થતાં હતાં ત્યાં નિત્ય એક વ્રજવાસીની ગાય પોતાનું બધું દૂધ સ્રવી જતી હતી. આમ કેમ બને છે તેની તપાસ કરતાં પ્રભુની ઊર્ધ્વ ભુજાનાં દર્શન થયાં. પણ પ્રભુએ આજ્ઞા કરી, હું મારી ઈચ્છાથી જ બહાર આવીશ. વિક્રમ સંવત ૧૫૩૫માં જ્યારે શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય થયું હતું તે સમયે ગિરિરાજ ઉપર શ્રીનાથજીના મુખનું પ્રાકટ્ય થયું હતું. પછી શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે મને બહાર પધરાવો; ત્યારે શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા અને શ્રીનાથજીને પધરાવી સેવાક્રમ શરૂ કર્યો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મેળવી પૂર્ણમલ્લક્ષત્રિયે ગિરિરાજ ઉપર મંદિર બનાવ્યું, જ્યાં ઘણો સમય શ્રીનાથજી બિરાજ્યા અને પછી યવનોનો ઉપદ્રવ વધતાં શ્રીનાથજીને શ્રીનાથદ્વારા પધરાવ્યા.

શ્રીનાથજીનું સ્વરૂપ દ્વિભુજ છે. ઊર્ધ્વ વામ ભુજા ગિરિરાજ ધારણનો સૂચક છે. કટી પાસે મુઠી વાળેલ દક્ષિણ હસ્ત ભક્તરક્ષક અને નૃત્યના ભાવનો સૂચક છે.

શ્રીનાથજી પ્રભુ નિકુંજ નાયક નિકુંજના દ્વારે ઊભા રહી જમણા પોતાના શ્રીહસ્તથી ભક્તજનોનાં હૃદય પોતાની મુઠીમાં લઈ વામ ઊર્ધ્વ ભુજાથી પોતાના ભક્તોને બોલાવી રહ્યા છે. શ્રીનાથજીનું સ્વરૂપ ગિરિરાજ ગોવર્ધનની કંદરામાં બિરાજી જાણે પોતાના ભક્તજનો ઉપર અપાર કરુણા વરસાવતું હોય એમ બિરાજી રહેલ છે.

## શ્રી નવનીતપ્રિયાજી

શ્રીનાથજીની ગોદમાં બિરાજતા શ્રી નવનીતપ્રિયાજીનું પ્રાકટ્ય

શ્રી યમુનાજીમાંથી થયું હતું. મહાવનનાં એકા ક્ષત્રાણી શ્રીમહાપ્રભુજીનાં સેવક હતાં. યમુનાજળ ભરવા ગયેલાં એકા ક્ષત્રાણીના જળની ગાગરમાં આવેલા આ સ્વરૂપને તેઓ શ્રીમહાપ્રભુજી પાસે પધરાવી ગયાં. શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવક ગજનધાવનને સેવા માટે આ સ્વરૂપ પધરાવી આપેલું, પણ જ્યારે ગજનધાવન પ્રભુની સેવા કરવાને સર્વથા અશક્ત થયા ત્યારે શ્રીમહાપ્રભુજીને ત્યાં જ પાછું પધરાવી ગયા, ત્યારથી શ્રીમહાપ્રભુજીને ત્યાં જ આ સ્વરૂપ રહ્યું. શ્રી ગુસાંઈજી ગોકુલમાં પોતાના ઘરમાં આ સ્વરૂપની સેવા કરતા હતા. અને શ્રીનાથજીની સાથે વ્રજમાંથી નાથદ્વારા શ્રી નવનીતપ્રિયાજી પણ પધાર્યાં.

કૃષ્ણાવતારની બાળલીલામાં રીંગણલીલાનું આ સ્વરૂપ છ માસની વયનું છે. પ્રભુનું સ્વરૂપ ગૌર છે. નેત્રમાં કાજળ આંજેલું છે. એક હાથમાં માખણ અને બીજા હાથમાં લાડુ છે. પાછલા પગે ઘૂંટણિયે ચાલતું સ્વરૂપ અલૌકિક છે.

## શ્રી મથુરેશજી

શ્રી ગુસાંઈજીએ પોતાના પ્રથમ પુત્ર ગિરિધરજીને શ્રી મથુરાધીશજીનું સ્વરૂપ વહેંચણી વખતે પધરાવી આપેલું. આ સ્વરૂપનો ઈતિહાસ એવો છે કે મહાવનની પાસે યમુનાજીના કિનારે આવેલા કરણાવલ નામના સ્થાનમાં એક વખત મહાપ્રભુજી બિરાજતા હતા ત્યારે યમુનાજીની એક ભેખડ તૂટી પડતાં ત્યાંથી તાડના ઝાડ જેવું વિશાળ ચતુર્ભુજ સ્વરૂપ પ્રભુનું પ્રકટ થયું. અને મહાપ્રભુજીને આજ્ઞા કરી કે અમારી સેવા કરો.

મહાપ્રભુજીએ વિનંતી કરી કે આટલા મોટા સ્વરૂપની સેવા કલિયુગમાં શક્ય નથી. જો આપ મારી ગોદમાં બિરાજો તો આપની સેવા થઈ શકે. મહાપ્રભુજીની વિનંતીથી પ્રભુનું સ્વરૂપ નાનું બની ગયું. આ સ્વરૂપની સેવા મહાપ્રભુજીના સેવક કનોજના શ્રી પદ્મનાભદાસજીએ કરેલી. પછી એ સ્વરૂપ શ્રી ગુસાંઈજીને ત્યાં પાછું પધારેલું.

શ્રી મથુરેશજીનું શ્યામ ચતુર્ભુજ સ્વરૂપ છે. દશમસ્કન્ધની કૃષ્ણની બાળલીલાઓમાં ગૌચારણલીલાનું આ સ્વરૂપ છે. આ સ્વરૂપ કોટામાં બિરાજે છે.

## શ્રી વિઠ્ઠલનાથજી

શ્રી વિઠ્ઠલનાથજીનું સ્વરૂપ ગુસાંઈજીએ બીજા પુત્ર ગોવિંદરાયજીને વહેંચણીમાં પધરાવી આપેલું. આ સ્વરૂપનો ઇતિહાસ એવો મળે છે કે શ્રી ગુસાંઈજીના જન્મસમયે એક બ્રાહ્મણ આ વિઠ્ઠલનાથજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવી ગયેલ, ત્યારથી આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને ત્યાં જ બિરાજેલ છે. આ સ્વરૂપની સાથે સ્વામિનીજી પણ બિરાજે છે. તે યમુનાજીના સ્વરૂપે હાથમાં કમળ ધારણ કરી બિરાજે છે. દશમસ્કન્ધમાં રાસલીલાના પ્રસંગમાં પ્રભુ અંતર્ધ્યાન થતાં ગોપીજનો પ્રભુને શોધે છે એ લીલાનું આ સ્વરૂપ છે. ગૌર-શ્યામ સ્વરૂપ છે. બંને શ્રીહસ્ત પોતાની કેડે મૂકેલા છે. એક હાથમાં શંખ અને એકમાં કમળ ધારણ કરેલ દ્વિભુજ આ સ્વરૂપ અદ્‌ભુત છે. નાથદ્વારામાં બિરાજે છે.

## શ્રી દ્વારકાધીશ

શ્રી દ્વારકાધીશજીનું સ્વરૂપ શ્રી ગુસાંઈજીએ પોતાના ત્રીજા પુત્ર શ્રી બાલકૃષ્ણલાલજીને વહેંચણીમાં પધરાવી આપેલ છે. સ્વરૂપનો ઈતિહાસ અદ્ભુત છે. સૃષ્ટિના આરંભે બ્રહ્માજીએ આ સ્વરૂપની સેવા કરેલી. પછી બ્રહ્માના પુત્ર કર્દમ મહર્ષિ અને એમનાં સ્ત્રી દેવહુતિ અને કપિલ મહર્ષિએ આ સ્વરૂપની સેવા કરેલી. પછીથી આ સ્વરૂપ સ્વેચ્છાથી બિંદુ સરોવરમાં અંતર્ધ્યાન થયું. વર્ષો પછી એક બ્રાહ્મણે બિંદુ સરોવરમાંથી આ સ્વરૂપ પ્રગટ કર્યું. અંબરીષ રાજાએ આ સ્વરૂપની સેવા કરી. મહર્ષિ વસિષ્ઠજી અને દશરથ કૌશલ્યાજીએ પણ સેવા કરેલ. આ સ્વરૂપની ગુપ્તવાસમાં પાંડવોએ પણ સેવા કરી હતી. આબુ પર્વત ઉપર, ત્યાંથી કનોજના દરજીને ત્યાં, અને ત્યાંથી શેઠ દામોદરદાસ સંભરવાળાને ત્યાં આ સ્વરૂપ પધાર્યું. શ્રીમહાપ્રભુજીએ સેવ્ય કરી આપી સેવા પ્રકાર શીખવ્યા. શેઠને ત્યાંથી શ્રીમહાપ્રભુજીને ત્યાં આ સ્વરૂપ પધાર્યું.

આંખમીંચોલી લીલા અને હિંડોળાલીલાની ભાવનાનું આ સ્વરૂપ છે. ચતુર્ભુજ આ સ્વરૂપ શ્યામ વર્ણનું છે. કાંકરોલીમાં બિરાજે છે.

## શ્રી ગોકુલનાથજી

શ્રી ગોકુલનાથજીનું સ્વરૂપ શ્રી ગુસાંઈજીએ પોતાના ચોથા પુત્ર શ્રી ગોકુલનાથજીને વહેંચણીમાં પધરાવી આપેલ.

આ સ્વરૂપનો ઈતિહાસ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે કે શ્રીમહાપ્રભુજીને શ્રી ગોકુલનાથજીનું સ્વરૂપ સસરા તરફથી મળ્યું

હતું. સ્વરૂપની ડાબી બાજુ સ્વામિનીજી અને જમણી બાજુ ચંદ્રાવલીજી બિરાજે છે. ગૌરવર્ણનું સ્વરૂપ ચતુર્ભુજ છે. એક જમણો હસ્ત ઊંચો છે. ગિરિરાજ ધારણ કર્યો છે. બીજો જમણો અને વામ હસ્તમાં વેણુ છે અને ચોથા વામ હસ્તમાં શંખ છે. આ સ્વરૂપ ગોકુલમાં બિરાજે છે.

## શ્રી ગોકુલચંદ્રમાજી

શ્રી ગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ શ્રી ગુસાંઈજીએ પોતાના પાંચમા પુત્ર શ્રી રઘુનાથજીને વહેંચણીમાં પધરાવી આપ્યું હતું. સ્વરૂપનું વર્ણન અને ઈતિહાસ આ પ્રમાણે મળે છે કે મહાપ્રભુજીના સેવક મહાવનમાં રહેતાં એકા ક્ષત્રાણીને યમુનાજીમાંથી મળેલ. આ સ્વરૂપ મહાપ્રભુજીને ત્યાં પધરાવ્યું. મહાપ્રભુજીએ પોતાના સેવક નારાયણદાસને આ સ્વરૂપસેવા પધરાવી આપી હતી. પણ નારાયણદાસ ઉંમર થતાં અશક્ત થયા. અને આ સ્વરૂપ શ્રી ગુસાંઈજીને ત્યાં પાછું પધરાવ્યું.

સ્વરૂપ દ્વિભુજ શ્યામવર્ણનું છે. વેણુનાદ કરતું લલિતત્રિભંગ મહા રાસલીલાનું આ સ્વરૂપ છે. આ સ્વરૂપ કામવનમાં બિરાજે છે.

## શ્રી મુકુન્દરાયજી

શ્રી મુકુન્દરાયજીનું સ્વરૂપ મહાપ્રભુજીને યમુનાજીમાં યમુનાષ્ટકનો પાઠ કરતાં 'મુકુન્દરતિ વર્ધિની' પદનો ઉચ્ચાર કરતી વખતે શ્રીમહાપ્રભુજીના જનોઈને વળગીને બહાર આવેલ છે. આ સ્વરૂપ શ્રીનાથજીની ગોદમાં ઘણો સમય બિરાજ્યું જે

કાશીવાળા શ્રી ગિરધરજી મહારાજે શ્રીનાથજીના મહારાજશ્રી પાસેથી માગીને લીધું. બાળલીલાના ભાવનું આ સ્વરૂપ છે. કાશીમાં બિરાજે છે.

## શ્રી કલ્યાણરાયજી

કડા માણેકપુર ગામમાં ભૂતલ પરિક્રમા કરતાં મહાપ્રભુજી પધાર્યા. ત્યાં ગામની બહાર મંદિરમાં આ સ્વરૂપ બિરાજે અને ગામના લોકો કલ્યાણીદેવીના નામથી પૂજન કરતા હતા. શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપને ધોતી ઉપરણાના શૃંગાર કર્યા. અને શ્રી કલ્યાણરાય નામ પ્રસિદ્ધ થયું. બાળાવેણુને સ્વરૂપસેવા પધરાવી આપી. ત્યાંથી શ્રી ગુસાંઈજીને ત્યાં પધાર્યું. આ સ્વરૂપ શ્યામવર્ણનું ચતુર્ભુજ છે.

શ્રી ગુસાંઈજીના છઠ્ઠા લાલજીના વંશમાં સ્વરૂપસેવા આવી. આ સ્વરૂપ વડોદરામાં બિરાજે છે.

## શ્રી બાલકૃષ્ણલાલજી

શ્રી બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ શ્રી ગુસાંઈજીએ પોતાના છઠ્ઠા પુત્ર શ્રી યદુનાથજીને વહેંચણીમાં પધરાવી આપવા માંડ્યું ત્યારે યદુનાથજીએ ના પાડી. આ સ્વરૂપ ઘણો સમય શ્રી દ્વારકાધીશની ગોદમાં બિરાજેલ છે.

આ સ્વરૂપ અડેલમાં શ્રી યમુનાજીમાં સ્નાન કરતાં શ્રીમહાપ્રભુજીના જનોઈને લાગી બહાર પધાર્યું છે. સ્વરૂપ ગૌર અને દ્વિભુજ છે. હસ્તમાં નવનીત લાડુ છે. સુરતમાં બિરાજે છે. આ ત્રણે સ્વરૂપ છઠ્ઠા ઘરના પીઠ તરીકે ઓળખાય છે.

## શ્રી મદનમોહનજી

શ્રી મદનમોહનજીનું સ્વરૂપ શ્રી ગુસાંઈજીએ પોતાના સાતમા પુત્ર શ્રી ઘનશ્યામલાલજીને પધરાવી આપેલ. સ્વરૂપનો ઇતિહાસ એવો મળે છે કે મહાપ્રભુજીના મૂળ પુરુષ સાતમી પેઢી ઉપરના શ્રી યજ્ઞનારાયણ ભટ્ટને સોમયાગની પૂર્ણાહુતિ પ્રસંગે અગ્નિકુંડમાંથી પ્રકટ થઈને વરદાન આપનાર આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને વંશપરંપરાથી વારસામાં મળેલ છે. આ સ્વરૂપની સાથે સ્વામિનીજી અને ચંદ્રાવલીજી બિરાજે છે. સ્વરૂપ દ્વિભુજ ગૌરવર્ણનું છે. રાસના આરંભમાં વેણુનાદ કરતું આ સ્વરૂપ છે. આ સ્વરૂપ કામવનમાં બિરાજે છે.

આ સિવાયનાં બીજાં પણ અનેક સ્વરૂપો શ્રીમહાપ્રભુજીના સેવ્ય નિધિ સ્વરૂપે અનેક જગ્યાએ બિરાજે છે. દરેક સ્વરૂપ સાથે અલૌકિક ઇતિહાસ જોડાયેલો છે. આ ભગવત્સ્વરૂપોની ખૂબ જ ભાવપૂર્વક સેવા થાય છે અને વૈષ્ણવો દર્શન કરતાં કૃતાર્થતા અનુભવે છે.

## સાહિત્યસ્વરૂપ

શ્રીવલ્લભાચાર્યજી પુષ્ટિસંપ્રદાયમાં વાણીના પતિ વાક્પતિના નામથી પણ પ્રસિદ્ધ છે. શ્રીવલ્લભાચાર્યજીએ લગભગ સિત્તેર ઉપર ગ્રંથોની રચના કરી છે એવો ઉલ્લેખ મળી આવે છે. અત્યારે જે ગ્રંથસાહિત્ય પ્રાપ્ત થાય છે તેમાં સ્વસિદ્ધાંત નિરૂપણના સ્વતંત્ર ગ્રંથો અને ભાષ્ય-ટીકાગ્રંથો વગેરે ઉપલબ્ધ થાય છે.

### ૧. અણુભાષ્ય

વ્યાસરચિત બ્રહ્મસૂત્રના ચાર અધ્યાયમાંથી ત્રીજા અધ્યાયના બીજા પાદના ચોત્રીસમા સૂત્ર સુધી શ્રીવલ્લભાચાર્ય વિરચિત ભાષ્ય મળે છે, ત્યાર પછીના બ્રહ્મસૂત્રનું ભાષ્ય શ્રીમહાપ્રભુજીના બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ પૂર્ણ કરેલું છે. ભાષ્યમાં શ્રીવલ્લભાચાર્યજીએ સૂત્રોનું વિવરણ કરતાં વેદનાં વચનો દ્વારા અન્ય મતોનું નિરાકરણ કરી સ્વસિદ્ધાંતનું સ્થાપન કર્યું છે.

### ૨. સ્વપ્રકાશ તત્ત્વાર્થદીપ નિબંધ

તત્ત્વાર્થદીપ નિબંધ (૧) શાસ્ત્રાર્થપ્રકરણ (૨) સર્વ નિર્ણય પ્રકરણ (૩) ભાગવતાર્થપ્રકરણના ત્રણ ભાગમાં આ ગ્રંથ છે. પ્રકાશ નામની વ્યાખ્યા પણ આ ગ્રંથ ઉપર શ્રીવલ્લભાચાર્યે લખી છે. 'શાસ્ત્રાર્થપ્રકરણ'માં ભગવદ્‌ગીતાના સિદ્ધાંતોનું નિરૂપણ દાર્શનિક વિષયોનું વિશ્લેષણ છે.

'સર્વ નિર્ણય પ્રકરણ'ના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એવાં ચાર પ્રકરણમાં અનુક્રમે વેદસંમત ભક્તિમાર્ગ-સર્વોપરી ભગવદ્‌બલ સર્વ સાધનોમાં ભક્તિની વિશેષતા અને ફલરૂપે ભક્તિની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરેલ છે. ભાગવતાર્થપ્રકરણમાં શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનાં શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, અધ્યાયાર્થ અને પ્રકરણાર્થ આમ ચાર અર્થોનું પરસ્પર અવિરોધથી અર્થઘટન આપ્યું છે.

### ૩. સુબોધિની

શ્રીમદ્ ભાગવતની ગૂઢાર્થ પ્રકાશક શ્રી સુબોધિની આદરણીય ટીકા ગ્રંથ છે. સુબોધિનીમાં ભાગવતના વાક્યાર્થ, પદના અર્થ,

અક્ષરાર્થ એમ ત્રણ પ્રકારના અર્થોનું વિવેચન છે. શ્રીમદ્ ભાગવતના એકથી ત્રણ સ્કન્ધ, દશમ સ્કન્ધ અને એકાદશ સ્કન્ધના પાંચમા અધ્યાયના ત્રીજા શ્લોક સુધી સુબોધિની પ્રાપ્ત થાય છે.

**૪. ષોડશ ગ્રંથ**

શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના સેવકો ઉપર કૃપા કરી સિદ્ધાંતોના નિરૂપણ કરતા રચેલા સોળ નાના ગ્રંથો ષોડશ ગ્રંથના નામથી પ્રસિદ્ધ છે.

(૧) શ્રી યમુનાષ્ટકમ્

આ ગ્રંથમાં શ્રી યમુનાજીનાં સ્વરૂપ અને ઐશ્વર્ય વર્ણવતા આઠ શ્લોક અને એક ફલ નિરૂપણનો શ્લોક મળી નવ શ્લોક છે.

(૨) બાલબોધ

ઓગણીસ શ્લોકોના આ ગ્રંથમાં વિભિન્ન ઋષિઓના મતાનુસાર ધર્મ-અર્થ-કામ-મોક્ષ આ ચાર પુરુષાર્થોનું નિરૂપણ કરી અન્યની અપેક્ષાએ કૃપામાર્ગની પ્રધાનતા નિરૂપણ કરી છે.

(૩) સિદ્ધાંતમુક્તાવલી

પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો આ ગ્રંથમાં વર્ણવતાં જીવનનાં કર્તવ્યરૂપે શ્રીકૃષ્ણસેવાનું વિધાન કરેલ છે. ભગવાન સાથે ચિત્તની તન્મયતાનું નામ સેવા છે. આ તન્મયતા સિદ્ધ કરવા તનની-વિત્તની સેવા નિરૂપિત કરેલ છે.

(૪) પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ

જીવ-માર્ગ-સૃષ્ટિ અને ફલનું પુષ્ટિપ્રવાહ અને મર્યાદાના ત્રિવિધ ભેદથી આ ગ્રંથમાં વર્ણન કર્યું છે. આ ગ્રંથ અપૂર્ણ છે.

(૫) સિદ્ધાંતરહસ્ય

બ્રહ્મસંબંધ માટેની પ્રભુની આજ્ઞા, બ્રહ્મસંબંધ દ્વારા સર્વ દોષની નિવૃત્તિ, બ્રહ્મસંબંધની સિદ્ધિ માટે અસમર્પિતના ત્યાગનું નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

(૬) નવ રત્ન

પ્રભુને આત્મનિવેદન કર્યા પછી જીવનમાં સુખદુ:ખ જે કાંઈ આવે તેની ચિંતા કરવાની રહેતી નથી. સર્વ કાંઈ ભગવદ્-ઇચ્છાથી અને લીલાથી બને છે. સર્વસમર્થ પ્રભુ સાથે સંબંધ થયા પછી ચિંતાના ત્યાગનું નિરૂપણ આ ગ્રંથમાં છે.

(૭) અન્ત:કરણ પ્રબોધ

દેશ-દેહ-ત્યાગની ત્રણ ભગવદ્ આજ્ઞાની પોતાના મનને ઉદ્દેશી શ્રીવલ્લભાચાર્ય નિરૂપણ કરે છે. ભગવદ્ આજ્ઞાપાલનની તત્પરતા વર્ણવે છે.

(૮) વિવેકધૈર્યાશ્રયનિરૂપણમ્

વિવેક-ધૈર્ય અને સુદૃઢ ભગવદાશ્રયનું મહત્ત્વ ભક્તિમાર્ગીય જીવ માટે આ ગ્રંથમાં વર્ણન કરેલું છે.

(૯) કૃષ્ણાશ્રયસ્તોત્રમ્

વર્તમાન યુગનું યથાર્થ વર્ણન કરી શ્રીકૃષ્ણ જ એક ગતિ અને આશ્રય છે એનું આ ગ્રંથમાં નિરૂપણ છે.

(૧૦) ચતુ:શ્લોકી

ભક્તિમાર્ગની દૃષ્ટિએ ધર્મ-અર્થ-કામ અને મોક્ષ કૃષ્ણ પર કેવા પ્રકારે હોય છે તેનું વર્ણન આ ગ્રંથમાં છે.

(૧૧) ભક્તિવર્ધિની

ભક્તિની ત્રણ અવસ્થા પ્રેમ, આસક્તિ અને વ્યસનના

નિરૂપણપૂર્વક ભક્તિની વૃદ્ધિના ઉપાય આ ગ્રંથમાં વર્ણન કરેલા છે.

(૧૨) જલભેદ

વીસ પ્રકારના જલના ભેદનિરૂપણ સાથે સમન્વયપૂર્વક વક્તાઓના ભેદનું આ ગ્રંથમાં વર્ણન કર્યું છે.

(૧૩) પંચપદ્યાનિ

શ્રોતાઓના ભેદ અને લક્ષણનું નિરૂપણ આ ગ્રંથમાં કર્યું છે.

(૧૪) સંન્યાસનિર્ણય

જ્ઞાનમાર્ગીય અને ભક્તિમાર્ગીય સંન્યાસના ભેદનું નિરૂપણ આ ગ્રંથમાં કર્યું છે.

(૧૫) નિરોધલક્ષણમ્

સંસારના વિસ્મરણ સાથે ચિત્તની પ્રભુ સાથે એકતાનતારૂપ નિરોધના લક્ષણનું વર્ણન આ ગ્રંથમાં છે.

(૧૬) સેવાફલમ્

ભગવત્સેવામાં આવતા પ્રતિબંધ અને ભગવત્સેવાથી પ્રાપ્ત થતાં ફળોનું નિરૂપણ આ ગ્રંથમાં છે.

**૫. ગાયત્રીભાષ્ય**

ગાયત્રી મંત્રનું ભાષ્ય કરેલ છે.

**૬. પૂર્વમીમાંસા ભાષ્ય**

જૈમિનિ સૂત્ર નામના ગ્રંથનું ભાષ્ય શ્રીવલ્લભાચાર્યજીએ રચેલું ભાવાર્થપાદનું મળે છે. ગ્રંથ અપૂર્ણ મળે છે.

**૭. પૂર્વમીમાંસાકારિકા**

પૂર્વમીમાંસાશાસ્ત્રના ઉદ્દેશનું બેતાળીસ કારિકામાં વર્ણન અને વૈદિક ધર્મનું નિરૂપણ કર્યું છે.

**૮. ભાગવત દશમસ્કન્ધાર્થ અનુક્રમણિકા**

ભાગવતના દશમસ્કન્ધમાં વર્ણન કરેલી પ્રભુની લીલાઓનો નામનિર્દેશ અડસઠ શ્લોકોમાં આ ગ્રંથમાં કર્યો છે.

**૯. પુરુષોત્તમસહસ્રનામ**

ભાગવતના સ્કન્ધોમાં ક્રમાનુસાર પ્રભુનાં એક હજાર પંચોતેર નામનું સંકલન કરી શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના મોટા પુત્ર ગોપીનાથજી માટે આ ગ્રંથની રચના કરી છે. આમાં પંચોતેર નામ અન્ય પુરાણ ગ્રંથોમાંથી લીધેલાં છે.

**૧૦. ત્રિવિધનામાવલી**

ભાગવતના દશમસ્કન્ધમાં પ્રભુની ત્રિવિધ ૧. બાળલીલા ૨. પ્રૌઢલીલા ૩. રાજલીલાથી સંબંધિત નામોનું નિરૂપણ આ ગ્રંથમાં છે.

**૧૧. પત્રાવલંબન**

વેદના પૂર્વકાંડ અને ઉત્તરકાંડની એકાર્થતાનો નિરૂપણપૂર્વક વેદવેદાંતનો અર્થ બ્રહ્મવાદમાં સમાવિષ્ટ થાય છે એનું વર્ણન કરેલ છે. ગદ્ય-પદ્યાત્મક ઓગણચાળીસ કારિકાનો આ ગ્રંથ બ્રહ્મવાદનું ઘોષણાપત્ર છે.

**૧૨. ભગવત્પીઠિકા**

ભગવાનની વિવિધ લીલાઓ, અવતારોનું તારતમ્ય અને લીલાઓના અનુભવ વગેરે સિદ્ધાંતોનું નિરૂપણ આ ગદ્યાત્મક ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

**૧૩. પંચશ્લોકી**

ભક્તિમાર્ગના અનુયાયીઓના કર્તવ્યનું નિરૂપણ પાંચ શ્લોકના આ ગ્રંથમાં કર્યું છે.

**૧૪. શિક્ષાશ્લોક**

ભૂતલનો ત્યાગ કરતા મહાપ્રભુજીએ પોતાના પુત્રો અને સેવકોને આપેલો ઉપદેશ સાડા ત્રણ શ્લોકના આ ગ્રંથમાં છે.

આ ઉપરાંત 'મધુરાષ્ટક', 'શ્રી પરિવૃઢાષ્ટક', 'ગિરિરાજ ધાર્યષ્ટિક', 'પ્રેમામૃત' વગેરે ગ્રંથો શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીવલ્લભાચાર્યના વાઙ્મય સ્વરૂપે પ્રાપ્ત થાય છે.

## વૈષ્ણવ સંપ્રદાયમાં પુષ્ટિમાર્ગની વિશેષતા

વૈષ્ણવ સંપ્રદાયોના પ્રવર્તકોમાંથી શ્રીવલ્લભાચાર્યનો પુષ્ટિમાર્ગ સરસ, સહજ અને શાસ્ત્રસંમત છે. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ અને ભગવત્સેવા માટે સર્વ કોઈનો અધિકાર છે.

પ્રભુના સુખને વિચારી અનેકવિધ કલાઓના સમન્વયપૂર્વક ભગવત્સેવા માર્ગનું પ્રદાન પુષ્ટિમાર્ગનું અપૂર્વ વૈશિષ્ટ્ય છે.

અષ્ટછાપ, સુરદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ, છીતસ્વામી, નન્દદાસ, ચત્રભુજદાસ, પરમાનન્દદાસ, ગોવિંદસ્વામીનું કીર્તન સાહિત્ય વ્રજભાષા સાહિત્યમાં મૂર્ધન્ય છે.

પુષ્ટિમાર્ગમાં ભગવદ્ વિરહાનુભવરૂપ વિપ્રયોગરસને ફલરૂપે સ્વીકારવામાં આવે છે. અને સાધન અને ફળની એકતા એ પણ પુષ્ટિમાર્ગની શાસ્ત્રસંગત વિશેષતા છે.

ત્રણ ત્રણ વખત ભારતવર્ષમાં ભૂતલ પરિક્રમા કરી અનેક દૈવી જીવોનો ભગવન્માર્ગમાં અંગીકાર કર્યો. શ્રીમહાપ્રભુજીની અસાધારણ લોકકલ્યાણની પ્રવૃત્તિ અને નિર્ગુણભક્તિમાર્ગની પ્રતિષ્ઠાપના એ પુષ્ટિમાર્ગની ગૌરવગાથા છે.

આજે પ્રાયઃ પ્રતાપી શ્રીવલ્લભાચાર્યજીના વંશજો એકસો પંચોતેરથી વધુ ભૂતલ ઉપર આચાર્યસ્વરૂપે બિરાજી સેવા અને

સિદ્ધાંતરૂપ પુષ્ટિપંથના પોષક બની રહ્યા છે.

ભગવત્કૃપા અને મહાપ્રભુજીની કૃપાથી બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરનાર પુષ્ટિમાર્ગનો વૈષ્ણવ સમાજ ભારત અને વિદેશોમાં થઈ બે કરોડથી વધુ સંખ્યામાં છે.

સ્નેહ, સેવા, સમર્પણ અને હૃદયના દૈન્ય ભાવે ભગવત્પ્રાપ્તિ કરાવતા પુષ્ટિમાર્ગના પ્રસ્થાપક અને પ્રવર્તક પરમપ્રતાપી વિશ્વવંદ્ય જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીના ચરણે કોટિ કોટિ દંડવત્ પ્રણામ.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)